સુવિચાર
''રસ્તો ચાલે નહી, એ રસ્તો જ બતાવે. ચાલવું તો આપણે જ પડે છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૧/૧૨/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ પોષ સુદ-૧૧ વર્ષ : ૧૭ અંક : ૦૧૬

## આગામી દાયકામાં નાની દુકાનો ચાલી શકશે કે કેમ તે પ્રશ્નાર્થ

# ઓનલાઈન શોપિંગનાં વધતા ચલણથી વેપારીઓ ચિંતિત

**એમેઝોન, ફ્લિપકાર્ડ, મીસો જેવી સેંકડો કંપનીઓ અનેક સુવિધા સાથે ચીજ વસ્તુઓનું ઓનલાઈન કરે છે વેચાણ**

**કરિયાણા, ગારમેન્ટ, ફરનીચર, શુઝ, દવા સહિત જીવનજરૂરી ચીજવસ્તુઓનું કરોડો રૂપિયાનું વેચાણ**

**યુવા પેઢી ઓનલાઈન શોપિંગને વધારે પ્રાધાન્ય આપતી હોય વેપારીઓ ચિંતિત**

**સ્વદેશીનાં નારા વચ્ચે પણ ઓનલાઈન કંપની દ્વારા વ્યાપક પ્રમાણમાં વેચાણ યથાવત**

પ્રતિકાત્મક તસ્વીર



અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લાનાં હજારો વેપારીઓ ઓનલાઈન વેચાણનાં કારણે ક્રમશઃ ઘટતાં વાર્ષિક ટર્નઓવરથી ચિંતામાં મુકાયા છે. દેશની અને વિશ્વની અનેક નામાંકિત કંપનીઓ ઓનલાઈન વેચાણનું જબરદસ્ત નેટવર્ક ક્રમશઃ મજબુત કરી રહી છે અને યુવા પેઢી સતત ઓનલાઈન શોપિંગ તરફ વળી રહી હોય સ્થાનિક કક્ષાએ વેપાર–ધંધામાં સતત મંદીનો માહોલ વધી રહ્યો છે.

અમરેલી જિલ્લાનાં તમામ તાલુકા મથકો અને ગ્રામ્ય વિસ્તાર સુધી ઓનલાઈન શોપિંગનું વળગણ વધી રહ્યું છે. ઓનલાઈન વેચાણ કરતી કંપની નાના–મોટા વેપારીઓનું વેચાણ ઘટાડવા માટે આકર્ષક ડીસ્કાઉન્ટ, પરત લેવાની સાથે ચીજવસ્તુઓની વિશાળ રેન્જ રજુ કરી રહી છે.

ગારમેન્ટ, શુઝ, ડ્રાયફ્રુટ, દવા, ફરનીચર, ઈલેકટ્રોનિકસ સહિત તમામ જીવનજરૂરી અને મોજશોખની વસ્તુ પણ આકર્ષક ભાવે મળતી હોય ગ્રાહકો પણ ઓનલાઈન શોપિંગ કરવા મજબુર બની રહ્યા છે અને સૌને ખબર છે કે અમુક કંપનીઓ વિદેશની છે. સ્વદેશીનાં અભિયાન વચ્ચે પણ અનેક પરિવારો ભાવમાં ફાયદો થતો હોવાથી ઓનલાઈન ખરીદી કરી રહ્યા છે.

એક વેપારીએ એવી પણ ચિંતા વ્યકત કરી છે કે જો આ રીતે ઓનલાઈન શોપિંગનું ચલણ વધશે તો આગામી એક દશકામાં સ્થાનિક બજારમાં દુકાન ચલાવવી અતિ મુશ્કેલ બનશે.

ભાજપ સરકારે તેની મજબત વોટ બેન્ક ગણાતી વેપારી આલમને બચાવવા કોઈ વિકલ્પ શોધવો પડે તેવી ગંભીર સ્થિતિ જોવા મળી રહી છે.

## અરજદારોને ધરમનાં ધક્કા થયા

# સાવરકુંડલામાં મતદાર નોંધણી કાર્યક્રમ દરમિયાન બુથ ઉપર બી.એલ.ઓ. ગેરહાજર

**વરિષ્ઠ નાગરિકો સહિત સૌ કોઈ પરેશાન થયા**

સાવરકુંડલા, તા. ૩૦

કેન્દ્રીય ચુંટણી પંચ દ્વારા સમગ્ર દેશમાં મતદાર યાદી ચકાસણી કાર્યક્રમ ચાલી રહ્યો છે. તે અન્વયે છેલ્લા દોઢ મહિનાથી વિસ્તાર વાઈઝ બીએલઓ એ ઘરે ઘરે જઈ મતદારોના ફોટા સાથેની યાદીઓ પહોંચાડી હતી અને તેને આધારે પ્રાથમિક મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. પ્રસિધ્ધ થયેલ મતદાર યાદીમાં મતદારોએ પોતાનું નામ છે કે નહિ તે ચેક કરવાનું અને તેમાં બાકાત રહી ગયેલ મતદારો કે જેઓ સ્થળાતરિત થઈ ગયા હોય, નામ મિસમેચ થતા હોય, નવા નામ ઉમેરવા કે નામ કમી કરવાના હતા હતા. તેવા મતદારોની સુવિધા માટે ચુંટણી પંચ દ્વારા જે તે મતદારના ચુંટણી બુથ ઉપર જ ગઈ તારીખ ૨૭ અને ૨૮ ડિસેમ્બરનાં

અનુસંધાન પાના ૬ ઉપર

## રાશનકાર્ડ સાથે આધાર લિંક કરાયા બાદ અનેક વિસંગતતાઓ બહાર આવતા

# અમરેલી જિલ્લામાં ૧ લાખ ઉપરાંતનાં નાગરિકોનાં નામ એનએફએસએ યોજનામાંથી રદ

**૧૮૦ જીએસટી ધારક હતા જયારે ૭૭૩૧ની વાર્ષિક આવક ૬ લાખથી વધુ છે : ૪૭૨ કંપનીમાં ડાયરેકટર અને ૬૫૦૧૩ લોકો જમીન ધારક છે**

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં સરકાર દ્વારા જરૂરિયાતમંદ દરેક પરિવારોને મફતમાં અનાજનું વિતરણ કરવામાં આવે છે અને આ રીતે અમરેલી જિલ્લામાં અનાજ મેળવતા કુલ ૮,૧૦,૦૨૧ રાશન કાર્ડ ધારકોનું આધારકાર્ડ સાથે રાશનકાર્ડ લિંક કરાવી પોતાનું ઈ–કેવાયસી કરાવ્યાં બાદ રાશનકાર્ડમાં અનેક વિસંગતતાઓ સામે આવતા પુરવઠા વિભાગ દ્વારા આવા શંકાસંપદ કાર્ડ ધારકોની ચકાસણી શરૂ

અનુસંધાન પાના ૬ ઉપર

| [illegible] | |
|---|---|
| કેટેગરી | કાર્ડ ધારકો |
| ઈન્ટર સ્ટેટ ડુપ્લિકેટ | ૧૯૧ |
| ઈન્ટ્રા સ્ટેટ ડુપ્લિકેટ | ૫૫ |
| ૧૦૦ વર્ષથી વધુ ઉમર | ૫૭૬ |
| ૧૮ વર્ષ સુધીના સિંગલ | ૧૨૯ |
| મૃત્યુ પામેલા | ૨૦ |
| સાયલન્ટ કાર્ડ ધારકો | ૨૬૮૩૦ |
| કંપનીમાં ડાયરેકટરો | ૪૭૨ |
| પીએમ કિસાન જમીન ધારકો | ૬૫૦૧૩ |
| વાર્ષિક રૂ. ૬ લાખ આવક | ૭૭૩૧ |
| જીએસટી, ૨૫ લાખ ટર્નઓવર | ૧૮૦ |
| કુલ | ૧૦૧૧૮૭ |

| [illegible] | |
|---|---|
| તાલુકો | લોકો |
| અમરેલી | ૧૪૯૭૫ |
| ખાંભા | ૬૮૭૧ |
| જાફરાબાદ | ૬૧૦૧ |
| ધારી | ૮૭૩૨ |
| બગસરા | ૫૦૬૫ |
| બાબરા | ૧૨૦૧૩ |
| રાજુલા | ૧૪૬૬૩ |
| લાઠી | ૬૬૫૦ |
| લીલીયા | ૬૦૩૮ |
| કુંકાવાવ | ૫૧૫૩ |
| સાવરકુંડલા | ૧૪૭૨૬ |
| કુલ | ૧૦૧૧૮૭ |

## પ્રતિભાશાળી અને ખેડૂત પુત્રને યોગ્ય અને મહત્વની જવાબદારી મળી


# અમરેલી : પ્રદેશ ભાજપ કિસાન મોરચાનાં નવનિયુક્ત પ્રમુખ હિરેન હિરપરાને જિલ્લા ભાજપ વધાવશે

**નાના એવા દીતલા ગામનાં ખેડૂત પુત્રને રાજયકક્ષાની જવાબદારી મળી**

અમરેલી, તા. ૩૦

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માજી દ્વારા પ્રદેશ ભાજપ ટીમ, મીડિયા ઈન્ચાર્જ તેમજ મોરચાના પ્રમુખોની જાહેરાત કરવામાં. અનુભવી, યુવાનો, મહિલાઓના સમન્વય સહિત રાજયના સમગ્ર વિસ્તારને સંગઠનમાં પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે.

જેમાં ધારી તાલુકાનાં દીતલાના વતની અને મંડલ યુવા ભાજપના પ્રમુખથી લઈને જિલ્લા યુવા મોરચાના પ્રમુખ, પ્રદેશ યુવા મોરચાના મહામંત્રી તેમજ અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ અને કિસાન મોરચાના મહામંત્રી તરીકે જવાબદારી નિભાવતા હિરેનભાઈ હિરપરાની પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ પદે નિયુકિત કરવામાં આવી છે. યુવા વયથી જ ભાજપ સંગઠનમાં સક્રિય રહેલા કિસાન અગ્રણીને અગત્યની જવાબદારી મળતાં જિલ્લાભરનાં કાર્યકરોમાં હરખની હેલી ચઢી છે. નિમણૂંક બાદ પ્રથમવાર અમરેલી આવી રહેલા સરળ સ્વભાવના આગેવાન હિરેન હિરપરાને આવકારવા અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીનાં નેતૃત્વમાં જિલ્લા ભાજપનાં આગેવાનો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, મંડલ પ્રમુખ–મહામંત્રી, હોદેદારો, સહકારી અગ્રણીઓ, વિવિધ મોરચાના હોદેદારો, કારોબારી સભ્યો સહિત જિલ્લાનાં સક્રિય કાર્યકરો ઉપસ્થિત રહેશે. પ્રદેશ મોરચાના પ્રમુખ



હિરેનભાઈ તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ બુધવારના રોજ બપોર બાદ ૩ કલાકે અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલયે પધારતા હોય સૌ કાર્યકર્તા મિત્રોએ ખેડૂત નેતાના અભિવાદન માટે બહોળી સંખ્યામાં પધારવા ભાવભર્યુ નોતરૂ



પાઠવ્યું છે. તેમ જિલ્લા ભાજપની



યાદીમાં જણાવ્યું છે.

**રાજુલા અમરેલી એક્સપ્રેસ**
હવેથી રાજુલામાં ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક મેળવવા, જાહેરખબર, અવસાન નોંધ તથા સમાચાર આપવા સંપર્ક કરો.
ધર્મેશભાઈ રૂપારેલ -Mo. 93161 69495

**વીજપડી અમરેલી એક્સપ્રેસ**
હવેથી વીજપડીમાં ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક મેળવવા, જાહેરખબર, અવસાન નોંધ તથા સમાચાર આપવા સંપર્ક કરો.
દાદુભાઈ પીરભાઈ બેલીમ - Mo. 9909471137

"NAARI WELCOMES NEW TEAM MEMBER"

naari HOSPITAL
ડો. વિજય એચ.નાકરાણી
એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS : જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ, વલસાડ
D.G.O. : સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
■ ૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી ■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા ■ ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી ૧૫૦૦ + સિઝેરીયન
૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

ડોકટર હાઉસ અમરેલી ખાતે પ્રથમ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. ઉત્સવ ડી. ઉનડકટ — ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત — તા.૦૪/૦૧/૨૦૨૬ - રવિવાર, સવારે ૦૯:૦૦ થી ૦૯:૦૦
ડો. કોમલ ઉનડકટ — ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ, સ્ત્રી રોગ અને વંધ્યત્વના રોગોનાં નિષ્ણાંત — તા.૦૪/૦૧/૨૦૨૬ - રવિવાર, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડો. સાગર ધોડાસરા — ન્યુરો એન્ડ સ્પાઈન — તા.૦૧/૦૧/૨૦૨૬ - ગુરૂવારે, સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦
ડો. ધવલ તન્ના — રૂમેટોલોજીસ્ટ — તા.૦૩/૦૧/૨૦૨૬ - શનિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૯:૦૦
( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા

# બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆનુ લીચ ખાતે સન્માન કરાયુ






તસ્વીર : સમીર વિરાણી–બગસરા

સમગ્ર દેશભરમાં આંતર રાષ્ટ્રીય સહકારીતા વર્ષ ૨૦૨૫ અંતર્ગત વિવિધ સમારોહો યોજાય રહયા છે તેના ભાગ રૂપે ઉતર ગુજરાત વિભાગના મહેસાણાના લીચ મુકામે ઉમીયા.કો.ઓપરેટીવ કેડીટ સોસાયટી લી.ના ૩૦ વર્ષ પુરા થવા બદલ ત્રિ–શતાબ્દી મોતી ઉત્સવનુ આયોજન કરવામાં આવેલ જેમા બગસરા નાગરીક શરાફી સહકારી મંડળીના સ્થાપક ચેરમેન રનિભાઈ ડોડીઆનુ ગુજરાત ભરમાં વર્ષ–૨૦૨૫ માં પ્રથમ નંબરની મંડળી બનવા બદલ અદકેરૂ સંન્માન કરવામાં આવેલ. આ સમારોહમાં મહેસાણાના સાંસદ હરિભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં સહકાર ભારતીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તેમજ કુભકો ન્યુ દિલ્હી ડીરેકટર કાંતિભાઈ પટેલ, મહેસાણા જીલ્લાસંઘના ચેરમેન રાજેન્દ્રભાઈ પટેલ, મહેસાણાના ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, બહુરાજીના ધારાસભ્ય સુખાજીભાઈ રાઠોડ, સંયુકત રજીસ્ટ્રાર–ગાંધીનગર જે.જે. શાહ, ઉમીયા કેડીટ કો. ઓપરેટીવના ચેરમેન પી.કે પટેલ, રાજકીય સહકારી તેમજ સામાજીક ક્ષેત્રના વિવિધ આગેવાનોની પાંચ હજરથી વધુ સહકારી ક્ષેત્રના વિવિધ સભાસદો ડીરેકટરો, ઉપસ્થિત રહી સહકારથી સમુધ્ધિ તરફના સુત્રને મજબુત કરવા સંકલ્પ લેવાયેલ.

### પાલિકાનાં શાસકો યોગ્ય કરે તેવી માંગ

## જાફરાબાદનાં સામાકાંઠાનાં તલાવડી વિસ્તારમાં ગંદકીથી શહેરીજનો પરેશાન

**‘‘સ્વચ્છતા અભિયાન’’ માત્ર કાગળ પર ચાલતુ હોય તેવુ દ્રશ્ય**

અમરેલી, તા. ૩૦

જાફરાબાદના સામાકાંઠા તલાવડી વિસ્તારનો મેઈન રોડ ઉપર ઘણા સમયથી તળાવની જેમ પાણી ભરેલા જોવા મળી રહ્યાં છે. આ પાણીના લીધે નાગરિકો ત્રાહિમામ પોકારી ઊઠયા છે. પરંતુ જવાબદારી જેની છે તે આ વિસ્તારમાં ડોકાવા પણ આવતા નથી શેખી મારતા સભ્યો મોટી મોટી ગુલબાંગો ફેંકાફેંકી કરી રહ્યા છે. પરંતુ જમીની વાસ્તવિકતા અહીં અલગ દેખાય રહી છે. આજુબાજુમાં અનેક સોસાયટીઓ આવેલી એ તમામ સોસાયટીઓમાંથી પસાર થતા આમ નાગરિકોનો એક મુખ્ય રોડ તે તલાવડીનો મેન રોડ જયાંથી હજારોની સંખ્યામાં આમ જનતાની અવરજવર રહેતી હોય છે. તે જ રોડ ઉપર ડ્રેનેજ પાણીના તળાવ જોવા મળી રહ્યાં છે. મહિલાઓ સિનિયર સિટીઝન તો ઠીક છે. પરંતુ નાના ભુલકાઓ પણ આ મેન રોડ ઉપરથી સ્કુલ જાવા માટે ડ્રેનેજ પાણીથી ભરાયેલા પાણીમાંથી પસાર થઈ રહ્યા છે. પરંતુ જવાબદાર પાલિકાના ધ્યાન ઉપર ક્યારે આવશે? અહીં આજુબાજુના રહેણાંક મકાનની ગડરો કચરાથી ખદબદી રહેતી હોય તેના લીધે ડ્રેનેજ પાણી નદી જેમ વહેતું રહેતુંહોય પરંતુ પાલિકાનો સફાઈ વિભાગ આ ઉભરાતી ગટરોની સાફસફાઈ કરવામાં થતા ઠાગાઠૈયા સામાકાંઠાની આમ જનતા પાલિકાને દરેક સ્થળે વેરો ભરવા છતાં પણ નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઈ રહી છે.




### તાજેતરમાં મોરબી ખાતે યુવા ઉત્સવ યોજાયેલ

## બગસરા : ઝવેરચંદ મેઘાણી હાઈસ્કૂલ યુવા ઉત્સવમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ

**લોકગીત સ્પર્ધામાં રાષ્ટ્રીય યુવા ઉત્સવમાં રાજયનું પ્રતિનિધિત્વ કરશે**

અમરેલી, તા. ૩૦

તાજેતરમાં મોરબી ખાતે યોજાયેલ રાજયકક્ષા યુવા ઉત્સવ ૨૦૨૫માં મેઘાણી હાઈસ્કૂલના વિદ્યાર્થીની તરવાડિયા અમિષા અને ગ્રુપ લોકગીત સ્પર્ધામાં સમગ્ર ગુજરાત રાજયમાં પ્રથમ ક્રમે વિજેતા થયાં છે. ટૂંક સમયમાં દિલ્હી ખાતે યોજાનાર નેશનલ યુથ ફેસ્ટિવલમાં મેઘાણી હાઈસ્કુલ બગસરાના વિદ્યાર્થીઓ લોકગીત સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. વિદ્યાર્થીઓને સ્નેહી પરમાર, વિનુભાઈ મકવાણા, કમલેશભાઈ ભટ્ટ, જયશ્રીબેન વાળા, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી બિપિન કુંભાર, રૂપેશભાઈ સિકોતરા વગેરેએ માર્ગદર્શન આપ્યું હતું. તેવું મેઘાણી હાઈસ્કુલના આચાર્ય વિનોદ જેઠવાની યાદીમાં જણાવ્યુ છે.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

## સાવરકુંડલા : નિઃશુલ્ક મનોચિકિત્સા નિદાન સારવાર કેમ્પ યોજાયો




સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા શહેરમાં આવેલ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે અમેરિકાના સુપ્રસિદ્ધ મનોચિકિત્સક ડો. ભુપેન્દ્રભાઈ રાજપુરા દ્વારા નિઃશુલ્ક મનોચિકિત્સા નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તા. ૨૨/૧૨/૨૦૨૫ થી તા.૧૧/૧/૨૦૨૬ સુધી યોજાનાર છે. આ કેમ્પ દરમિયાન માનસિક તણાવ, ઉદાસીનતા, ચિંતા, ઊંઘની સમસ્યા સહિત વિવિધ માનસિક તકલીફોથી પીડાતા દર્દીઓને સંપૂર્ણ નિઃશુલ્ક નિદાન અને સારવાર આપવામાં આવી રહી છે. નોંધનીય બાબત એ છે કે અહીં દવાઓ પણ સંપૂર્ણ નિઃશુલ્ક આપવામાં આવે છે.

ડો. ભુપેન્દ્રભાઈ રાજપુરાનો સંક્ષિપ્ત પરિચય. ડો. રાજપુરા છેલ્લા ૪૦ વર્ષથી અમેરિકા ખાતે મનોચિકિત્સક તરીકે સેવા આપી રહ્યા છે. અમેરિકામાં તેમની એપોઈન્ટમેન્ટ મેળવવા માટે સામાન્ય રીતે ત્રણ – ત્રણ મહિના સુધી રાહ જોવી પડે છે. તેમ છતાં, પોતાના વતનપ્રેમ અને સેવાભાવના કારણે તેઓ છેલ્લા પાંચ વર્ષથી નિયમિત રીતે સાવરકુંડલામાં આવીને લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં નિઃશુલ્ક સેવા પ્રદાન કરી રહ્યા છે.

તેઓ દરરોજ સવારે ૯ થી ૧ અને બપોરે ૩ થી ૬ સુધી દર્દીઓને સમય આપી, દરેક દર્દીની સમસ્યાને ઝીણવટપૂર્વક સમજીને માનસિક રોગોનું યોગ્ય નિદાન તથા સારવાર કરે છે. તેમના કાર્યશૈલીની મુખ્ય બાબતે એ છે કે તેઓ ન્યૂનતમ દવાઓનો ઉપયોગ કરીને દર્દીની સારવાર કરે છે. સરળ વ્યક્તિત્વ, સેવાભાવી સ્વભાવ અને ગરીબ તથા જરૂરિયાતમંદ લોકો પ્રત્યેની લાગણી તેમને એક આદર્શ તબીબ તરીકે ઓળખાવે છે.

મૂળ સાવરકુંડલાના કે. કે. હાઈસ્કૂલમાં અભ્યાસ કરેલા ડો.રાજપુરા આજે સાવરકુંડલા ઉપરાંત આસપાસના વિસ્તારોમાં રહેતા અનેક દર્દીઓ માટે આશાનું કિરણ બન્યા છે. તેમની સારવારથી અનેક દર્દીઓ માનસિક રીતે સ્વસ્થ થતાં જોવા મળે છે. માનસિક સ્વાસ્થ્યની જરૂરિયાત. આજની ભાગદોડભરી જીવનશૈલીમાં માનસિક સ્વાસ્થ્યની તંદુરસ્તી અત્યંત જરૂરી બની છે. દિનપ્રતિદિન માનસિક રોગીઓની સંખ્યા વધતી જતી હોય, એવા સમયમાં ડો.રાજપુરાની નિઃશુલ્ક સેવા ખરેખર આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. તેઓ ખરા અર્થમાં એક કર્મયોગી તબીબ તરીકે સાવરકુંડલા અને આસપાસના વિસ્તારોમાં વિશાળ લોકપ્રિયતા ધરાવે છે. આ સેવાકીય કાર્ય બદલ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના સુપરિન્ટેન્ડન્ટ ડો. પ્રકાશ કટારીયા, સંસ્થાના પ્રમુખ હરેશભાઈ મહેતા, ટ્રસ્ટીગણ તથા સમગ્ર કર્મચારીવર્ગ દ્વારા ડો. રાજપુરાને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

અંતમાં, વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દ્વારા સાવરકુંડલા તેમજ આસપાસના વિસ્તારોમાં રહેતા અને માનસિક તકલીફોથી પીડાતા તમામ દર્દીઓને આ નિઃશુલ્ક મનોચિકિત્સા નિદાન સારવાર કેમ્પનો મહત્તમ લાભ લેવા જાહેર અપીલ કરવામાં આવે છે.

### સિવિલ કોર્ટમાં વાવડીના આસામી સામે દાવો દાખલ

## બાબરામાં વીજ કંપનીએ ૮ લાખના બિલની વસુલાત માટે અદાલતના દ્વાર ખખડાવ્યા

**પ્રતિવાદી પક્ષના એડવોકેટ હરેશ મેવાડાએ દાવોનો વિરોધ કરી દલીલો રજુ કરી**

બાબરા, તા. ૩૦

બાબરા વીજ કંપની દ્વારા વીજ ચોરીના બાકી બિલની માતબર રકમ વસૂલ કરવા માટે આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે. બાબરા તાલુકાના વાવડી ગામના એક આસામી સામે અંદાજે ૮ લાખ રૂપિયાની વસૂલાત માટે વીજ કંપનીએ બાબરાના પ્રિન્સિપાલ સિવિલ જજની કોર્ટમાં કાયદેસરનો દાવો દાખલ કર્યો છે.

આ કેસની વિગત મુજબ, ફરીયાદી બાબરા વીજ કંપની દ્વારા પ્રતિવાદી વિનોદભાઈ ભીખાભાઈ કોલડીયાના વારસદાર ભીખાભાઈ મોહનભાઈ કોલડીયા (રહે. વાવડી, તા. બાબરા) સામે કુલ રૂ. ૮,૦૧,૦૮૦.૮૫ ની લેણી રકમ વસૂલવા માટે દાવા નંબર ૫૧૩૫૦/૦૧૨૧૮/૧–એજી હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વીજ કંપનીએ પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે આ રકમ વીજ ચોરીના બિલ પેટે વસૂલવાની થાય છે.

બીજી તરફ, પ્રતિવાદી પક્ષ વતી એડવોકેટ હરેશભાઈ મેવાડા કોર્ટમાં હાજર રહ્યા હતા. તેમણે વીજ કંપની દ્વારા કરવામાં આવેલા આ દાવાનો કડક વિરોધ નોંધાવ્યો હતો અને દાવો નામંજૂર કરવા માટેની કાયદેસરની દલીલો રજૂ કરી હતી. હાલ કોર્ટ દ્વારા આ કેસની કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે અને આગામી સુનાવણીમાં વધુ વિગતો સામે આવશે.મોટા પ્રમાણમાં વીજ બિલની વસૂલાત માટે વીજ કંપનીએ કોર્ટના દ્વાર ખખડાવતા પંથકમાં ચર્ચા જાગી છે.



### તાલુકાનાં મુખ્ય મથકને સુવિધા મળવી જરૂરી

## બાબરાને એસ.ટી. ડેપો ફાળવવા ધારાસભ્યએ વાહનવ્યવહાર મંત્રી સંઘવી સમક્ષ માંગ કરી

**વર્ષો બાદ માંગ પૂર્ણ થાય તેવી સંભાવના**

અમરેલી, તા. ૩૦

બાબરા શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોની લાંબા સમયથી ચાલી આવતી માંગને ધ્યાનમાં રાખી બાબરા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી તથા ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી સમક્ષ બાબરા શહેરને રાજય પરિવહન નિગમ (એસ.ટી.)નો ડેપો ફાળવવા માટે સત્તાવાર રજુઆત કરી છે.

બાબરા શહેર અમરેલી જિલ્લાના મહત્વપૂર્ણ શહેરોમાંનું એક છે અને આસપાસના અનેક ગ્રામ્ય વિસ્તારો માટે વેપાર, શિક્ષણ, આરોગ્ય તથા રોજગારનું કેન્દ્ર છે. દરરોજ હજારો મુસાફરો બાબરા શહેરમાંથી અમરેલી, રાજકોટ, અમદાવાદ, ભાવનગર સહિતના શહેરોમાં આવન–જાવન કરે છે. છતાં, આજદિન સુધી બાબરા શહેરને પોતાનો સ્વતંત્ર એસ.ટી.ડેપો ફાળ વવામાં આવ્યો નથી, જેના કારણે મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

ધારાસભ્યએ રજુઆતમાં જણાવ્યું હતું કે એસ.ટી.ડેપો ન હોવાના કારણે બસોની સંખ્યા મર્યાદિત રહે છે, સમયસર બસ સેવા મળતી નથી તેમજ વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ, મહિલાઓ અને વયસ્ક નાગરિકોને ખાસ કરીને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જો બાબરા શહેરને અલગ એસ.ટી.ડેપો ફાળવવામાં આવે તો બસ સેવાઓમાં વધારો થશે, સમયપાલન સુધરશે અને સમગ્ર વિસ્તારના વિકાસને નવી ગતિ મળશે.

તેમણે વધુમાં જણાવ્યું કે બાબરા શહેર પાસે એસ.ટી.ડેપો માટે યોગ્ય જમીન ઉપલબ્ધ છે અને સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ તેમજ નાગરિકો તરફથી પણ સંપૂર્ણ સહયોગ મળવા તૈયાર છે. એસ.ટી.ડેપો શરૂ થવાથી સ્થાનિક યુવાનોને રોજગારીની તકો પણ ઉપલબ્ધ થશે અને શહેરની આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો થશે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

# બાબરા : પંચશીલ શાળા દ્વારા કચ્છ અને રાજસ્થાનનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા સ્થિત પંચશીલ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થાય તેવા હેતુ સાથે તાજેતરમાં બે ભવ્ય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૬ થી ૧૨ની બહેનો અને ધોરણ ૫ થી ૮ના ભાઈઓએ કચ્છના રણ તથા કંડલા બંદરની મુલાકાત લીધી હતી, જયારે ધોરણ ૯ થી ૧૨ના ભાઈઓ માટે રાજસ્થાનના પ્રવાસનું આયોજન કરાયું હતું. કચ્છ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ માતાનો મઢ, સફેદ રણ અને કોટેર જેવા સ્થળો નિહાળ્યા હતા. ખાસ કરીને કંડલા બંદર ખાતે વિશેષ મંજૂરી મેળવી ગાઈડ સાથે જેટી સહિતના તમામ વિભાગોની ટેકનિકલ માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. મુલાકાતના અંતે બંદર દ્વારા તમામ વિદ્યાર્થીઓને ઠંડાપીણા અને નાસ્તાની કીટ આપવામાં આવી હતી. બીજી તરફ, રાજસ્થાન પ્રવાસમાં ધોરણ ૯ થી ૧૨ના ભાઈઓએ ઊંઝા, અંબાજી, નાથદ્વારા અને માઉન્ટ આબુ જેવા ધાર્મિક અને પર્યટન સ્થળોની મુલાકાત લઈ ધન્યતા અનુભવી હતી. સમગ્ર પ્રવાસ દરમિયાન સરકારની ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ માટે નાસ્તા અને ભોજનની સુંદર વ્યવસ્થા સાથે પૂરતી સંખ્યામાં શિક્ષકો પણ જોડાયા હતા. વિદ્યાર્થીઓને પ્રવાસમાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે શાળાના સંચાલક પ્રકાશભાઈ ગોલેતર પોતે પ્રવાસમાં સાથે રહી સતત દેખરેખ રાખી હતી. બંને પ્રવાસમાં વિદ્યાર્થીઓએ હરવા–ફરવા સાથે નવું જ્ઞાન મેળવી ખૂબ જ આનંદ વ્યકત કર્યો હતો, તેમ શાળાની યાદીમાં જણાવાયું છે.

# પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ અમિત ચાવડાનાં શાબ્દિક પ્રહારો

# મનરેગા કૌભાંડને ખુલ્લુ પાડનાર ઉપર કૌભાંડીઓ જાનલેવા હુમલા કરાવતા હોવાનો આક્ષેપ

## ભાજપનાં નેતાઓને ત્યાં ED, ઇન્કમટેક્ષ અને GSTની રેડ ક્યારે પડશે ?

## ગુજરાત ફ્લોરો કેમિકલ કંપનીનાં ઝેરી ગેસથી અનેક લોકોનાં થયા મોત

## આદિવાસીઓનાં પ્રશ્નો, મનરેગા કૌભાંડ અને નલ સે જલનાં ભ્રષ્ટાચાર મુદ્દે વિધાનસભા કૂચ કરાશે

## કોંગ્રેસની સરકાર આવશે ત્યારે ભ્રષ્ટાચારીને વીણી-વીણીને જેલમાં નાખીશું : ડો. ચૌધરી








અમદાવાદ, તા. ૩૦

જન આક્રોશ યાત્રાના દસમા દિવસની શરૂઆત બોડેલીથી કરવામાં આવી, ત્યારબાદ યાત્રા ખાંડીવાવ, જાંબુઘોડા, શિવરાજપુર, પાવાગઢ, ઘોઘંબા, અરાડ, તરખાંડા, હાલોલ, અલીન્દ્રા ચોકડી માર્ગે કાલોલ તરફ આગળ વધી. યાત્રા દરમિયાન રસ્તામાં સ્થાનિક નાગરિકોએ ઠેરઠેર યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યુ.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકામાં ૪૨ હજારની વસ્તી છે, ૨૬ ગ્રામ પંચાયતો અને ૧ જિલ્લા પંચાયતની સીટ છે. અહીંયા ૪ વર્ષમાં મનરેગા યોજનામાં ૩૦૦ કરોડનો ખર્ચ થયો છે, જેમાંથી ૨૧૬ કરોડ માત્ર મટીરીયલ ખર્ચ થયો છે. આખા દેશમાં ખર્ચનો રેશિયો ૪૦ ટકા મટીરીયલ અને ૬૦ ટકા લેબરનો છે, પરંતુ અહીં મટીરીયલ માટે ૭૮ ટકા અને લેબર માટે માત્ર ૨૨ ટકા ખર્ચ થયો છે. કારણ કે અહીં ભાજપના નેતા મયંક દેસાઈની ૪ એજન્સીઓ મારફતે ૨૦૦ કરોડ કરતા વધુનું મટીરીયલ સપ્લાય કરવામાં આવ્યું છે. આ ૪ એજન્સીઓ અનુક્રમે ગિરિરાજ ટ્રેડર્સ, ગિરિરાજ એન્ટરપ્રાઈઝ, ગિરિરાજ સપ્લાયર્સ અને જય માતાજી સપ્લાયર્સના નામે રજિસ્ટ્રેશન થયેલી છે, જેના માલિકો અનુક્રમે મયંક દેસાઈ, જીગ્નેશ દેસાઈ, કેતુબેન દેસાઈ અને છત્રસિંહ છે. આ ચારેય એજન્સીઓ જે મયંક દેસાઈના પરિજનો અને એમના મળતિયાઓની છે જેને મળીને ૧૦૦ કરોડ કરતા વધુનો ભ્રષ્ટાચાર કર્યો છે. સ્થળ પર કામ થયું નથી જેના પુરાવા પણ છે. આ બાબતે રજૂઆતો કરવામાં આવી પુરાવાઓ પણ આપવામાં આવ્યા છતાં પ્રશાસન દ્વારા કોઈ તપાસ થતી નથી, જેના કારણે જનતામાં ભારે આક્રોશ છે. જનતા ભ્રષ્ટાચારીઓને જેલમાં મૂકવાની માંગ કરી રહી છે.

ગુજરાત ફ્લોરો કંપનીમાંથી પ્રદૂષિત ઝેરી ધુમાડો નીકળે છે, જેના કારણે અનેક લોકોના મોત થયા છે અને જિલ્લાનું પ્રદૂષણ વધ્યું છે. એ કંપની સામે પણ કાર્યવાહી થાય એવી માંગ ઉઠી છે, પરંતુ હપ્તાખોર સરકાર કોઈ પગલા લઈ રહી નથી. ઉપરાંત સ્થાનિક યુવાઓને રોજગાર નથી મળતો અને કામદારોનું શોષણ થાય છે. જિલ્લામાં આદિવાસી સમાજના લોકોને જાતિના દાખલાઓ નથી મળતા અને સરકાર દ્વારા ધક્કા ખવડાવવામાં આવે છે. ચારે તરફ લૂંટ ચાલી રહી છે અને ભાજપના ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવનારા સામે કેસ કરવામાં આવે છે, હત્યાઓ કરાવવામાં આવે છે અને યેનકેન પ્રકારે દબાવવામાં આવે છે, પરંતુ આગામી સમયમાં આ બધાનો હિસાબ થશે અને આવા લોકોને છોડવામાં નહીં આવે.

વધુમાં જિલ્લામાં મનરેગા હોય કે નલ સે જલ યોજના, તમામ યોજનાઓમાં ભાજપના નેતાઓ બેફામ ભ્રષ્ટાચાર કરી રહ્યા છે કારણ કે એમના સામે કોઈ કાર્યવાહી થતી નથી. પરંતુ એમને જણાવવાનું કે બાજુના જિલ્લાના દેવગઢ બારિયામાં મંત્રી પુત્રોને પણ આવી જ હવા હતી એમને પણ મનરેગા કૌભાંડમાં જેલમાં જવું પડયું અને એમના પિતાનું મંત્રીપદ પણ ગયું. આગામી સમયમાં મંત્રી પણ જેલમાં જશે, એમને કોઈ બચાવી નહીં શકે.

સીએલપી નેતા ડો. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું કે કોંગ્રેસની સરકારોએ હંમેશા ગરીબોનું ભલું કર્યું છે. કોંગ્રેસની સરકારે દર મહિને ૫ કિલો મફત અનાજનો કાયદો લાવ્યો, જંગલમાં રહેતા આદિવાસીઓને જમીન આપવાનો કાયદો લાવ્યો અને મફત શિક્ષણનો કાયદો લાવ્યો. ઉપરાંત ગરીબ વર્ગના લોકોને ૧૦૦ દિવસ રોજગારીની ગેરંટી મનરેગા યોજનાથી સુનિશ્ચિત કરી, પરંતુ ભાજપના લોકોએ આ યોજનાઓમાં માત્ર ભ્રષ્ટાચાર કર્યો અને પોતાના ખિસ્સાઓ ભર્યા. જ્યારે કોંગ્રેસની સરકાર આવશે ત્યારે એક એક ભ્રષ્ટાચારીને જેલભેગા કરીશું.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ફેશન પરિધાનના શોખીન બહેનો માટે ખુશ ખબર... ખુશ ખબર...
આધુનીક અને આજની ફેશનને અનુરૂપ ફેશનેબલ વસ્ત્રો બનાવવા માટે હવે અન્ય શહેરોમાં ન જતાં આપનાં અમરેલીમાં જ "રાધે લેડીઝ ટેઈલર & ડીઝાઈનર" આપની પસંદગીની ડીઝાઈનોમાં અત્યાધુનિક ફેશનબલ વસ્ત્રો બનાવી આપશે જેમાં અત્યાધુનિક સબ્યસાચી બ્લાઉઝ, ટીવી સીરીયલ તેમજ ફિલ્મો જેવા ગુજરાતી, મરાઠી, સાઉથ ઇન્ડિયન, મારવાડી સ્ટાઈલમાં વિવિધ ચણીયા ચોળી ડ્રેસ તેમજ બ્લાઉઝ -વનપીસ તમામ પ્રકારની ચોલી-ગાઉન વિગેરે અત્યાધુનિક ડિઝાઇન-ફેશનને અનુરૂપ ફોટા-વિડિયો ઉપરથી પણ ડિઝાઇનને અનુરૂપ બનાવી આપવામાં આવશે
રાધે લેડીઝ ટેઈલર & ડીઝાઈન
વૃંદાવન પાર્ક-૪, એસ.ટી.ડીવીઝન સામે, લાઠી રોડ - અમરેલી
મો.૬૩૫૫૫ ७૯૯૯૯

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઇન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઇન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

WALK IN INTERVIEW
જનરલ ઓફીસ એડમીનીસ્ટ્રેશન માટે સ્ટાફ જોઇએ છે
(કામની જવાબદારી)
GENERAL WEB MANAGEMENT
MULTIMEDIA
(WHATS APP BUSINESS, TWEETER, INSTA, TELEGRAM, FACEBOOK, YOU-TUBE)
GEM PORTAL CORRESPONDENCE
E-MAIL CORRESPONDENCE
GENERAL ACCOUNTING (TALLY – MIRACLE)
IT RETURNS (I-TEX)
PAN CARD APPLICATION
E-STAMP PORTAL
CSC PORTAL
IRCTC RAILWAY TICKET PORTAL
MUTUAL FUND MANAGEMENT
INSURANCE PORTAL
લાયકાત : B.Com., Microsoft Office, Tally, English Language, EPFO No., UAN No. (જો હોય તો)
SALARY : Rs. 40 / Hour (Starting) + EPF
TIME : MONDAY to SATURDAY 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM
MAHAJAN TELNET LLP.
E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com
95 86 86 86 45

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ રિચાર્જેબલ બ્લુટૂથ ટેકનોલોજી AI ટેકનોલોજી બેસ્ટ સાઉન્ડ કવોલિટી વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

The Victorious Journey Begins...
MARUTI SUZUKI VICTORIS
PRICE STARTS AT 10.49* LAKHS
BOOK YOUR VICTORIS TODAY!
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો,સહન ન કરો,સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઇન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

Hero
DECEMBER DHAMAKA EXCHANGE OFFER
Premium Xtreme 160 ₹5000*
₹2500* Exchange Offer
*T & C Apply
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

### રાજ્યમાં સાંપ્રદાયિક તણાવ અને હિંસાની આશંકા

# બંગાળમાં ચૂંટણી પહેલા કોંગ્રેસના દિગ્ગજ નેતાની PM મોદી સાથે મુલાકાત

**પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ ચૌધરીએ આવા હુમલાઓને રોકવામાં મદદ માટે વડાપ્રધાન મોદીને હસ્તક્ષેપ કરવાનો આગ્રહ કર્યો છે**

પશ્ચિમ બંગાળ,તા.૩૦

પશ્ચિમ બંગાળથી આવનારા કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીએ મંગળવારે (૩૦ ડિસેમ્બર) વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી હતી. બંગાળમાં આવતા વર્ષે વિધાનસભા ચૂંટણીને લઈને આ મુલાકાત ખૂબ મહત્ત્વની માનવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદીની મુલાકાત દરમિયાન અધીર રંજન ચૌધરીએ ખાસ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં બાંગ્લા ભાષી લોકો પર હુમલાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ ચૌધરીએ આવા હુમલાઓને રોકવામાં મદદ માટે વડાપ્રધાન મોદીને હસ્તક્ષેપ કરવાનો આગ્રહ કર્યો છે. તેમણે કહ્યું કે, આનાથી રાજ્યમાં સાંપ્રદાયિક તણાવ અને હિંસાની આશંકા છે.

અધીર રંજન ચૌધરીએ વડાપ્રધાન મોદીને લખેલા પત્રમાં કહ્યું કે, ’તેમનો એકમાત્ર ગુનો એ છે કે, તેઓ બાંગ્લા ભાષામાં વાત કરે છે, જેના કારણે સંબંધિત તંત્ર અવારનવાર તેમને પાડોશી બાંગ્લાદેશના લોકો સમજે છે અને ઘુસણખોર સમજી તેમના સાથે દુર્વ્યવહાર કરવામાં આવે છે. પશ્ચિમ બંગાળના અનેક ભાગમાં મુસ્લિમ વસ્તી બહુસંખ્યક છે. આ રાજ્યની સરહદ બાંગ્લાદેશ સાથે જોડાયેલી છે તેમજ દેશના અન્ય ભાગમાં આવા હુમલાઓના કારણે આ વિસ્તારમાં સમુદાયો વચ્ચે સાંપ્રદાયિક તણાવ વધી રહ્યો છે. તેથી મારો આગ્રહ છે કે, તમે ભેદભાવ, હિંસા અને દેળના અન્ય ભાગમાંથી આવેલા પ્રવાસી મજૂરોના ઉત્પીડન સામે તમામ રાજ્ય સરકારોને સંવેદનશીલ બનાવો.’નોંધનીય છે કે, પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લાના ૩૦ વર્ષીય પ્રવાસી મજૂર જ્વેલ રાણાની ઓડિશાના સંબલપુરમાં બીડીને લઈને થયેલા વિવાદ બાદ બુધવારે હત્યા કરી દેવાઈ. મુંબઈમાં પણ બે પ્રવાસી મજૂરોની બાંગ્લાદેશથી આવેલા ગેરકાયદે પ્રવાસી હોવાની શંકામાં ધરપકડ કરવામાં આવી. પશ્ચિમ બંગાળ પ્રવાસી કલ્યાણ બોર્ડે કહ્યું કે, તેમને ૧૦ મહિનામાં ખાસ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં ઉત્પીડન સંબંધિત ૧૧૪૩ ફરિયાદ મળી છે.

### બે નગરપાલિકા પર અલગ-અલગ ચૂંટણી લડવાની જાહેરાત

# મહારાષ્ટ્રમાં ભાજપ અને શિંદેની શિવસેના આમને-સામને

**આ વિવાદ ઉભો થયા બાદ બંને પાર્ટીઓએ બે નગર પાલિકામાં સામ-સામે ઉમેદવાર ઉભા રાખવાની જાહેરાત કરી દીધી છે**

મહારાષ્ટ્ર,તા.૩૦

મહારાષ્ટ્રમાં બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણી ને લઈને તમામ પક્ષોએ ધમધોકાટ તૈયારીઓ કરવાની સાથે આક્ષેપ-પ્રતિઆક્ષેપ પણ શરૂ કરી દીધા છે. ચોંકાવનારી વાત એ છે કે, ચૂંટણીને લઈને મહાયુતિના સાથી પક્ષો ભાજપ અને એકનાથ શિંદેની શિવસેના વચ્ચે ડખો ઉભો થયો હોવાના અહેવાલ સામે આવ્યા છે. હાલ મહાયુતિમાં ચૂંટણી માટે સીટ શેયરિંગની કવાયત ચાલી રહી છે, ત્યારે બંને પાર્ટીઓ વચ્ચે બે નગર પાલિકાને લઈ વિવાદ ઉભો થયો છે, જેના કારણે બંને પાર્ટી નેતાઓએ એકબીજા પર આક્ષેપો શરૂ કરી દીધા છે. આ વિવાદ ઉભો થયા બાદ બંને પાર્ટીઓએ બે નગર પાલિકામાં સામ-સામે ઉમેદવાર ઉભા રાખવાની જાહેરાત કરી દીધી છે. રિપોર્ટ મુજબ સીટ શેયરિંગમાં બંને પાર્ટીઓને છત્રપતિ સંભાજીનગર અને પુણે મહાનગર પાલિકામાં ઉમેદવાર ઉભા રાખવા છે, જેના કારણે હવે તેમણે બંને બેઠકો પર આમને-સામને ઉમેદવાર ઉતારવાની જાહેરાત કરી દીધી છે. બંને પાલિકાની બેઠક વહેંચણીનો વિવાદ ઉભો થયા બાદ હવે પાર્ટીના ધારાસભ્ય અને નેતાઓ પણ નારાજ થયા છે અને એકબીજા પર ગઠબંધન તોડવાનો આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરી રહ્યા છે.

શિવસેના ધારાસભ્ય અને મંત્રી સંજય શિરસાટે દાવો કર્યો છે કે, ‘છત્રપતિ સંભાજીનગરમાં ભાજપનો દબદબો વધવાના કારણે તેણે અહંકારમાં આવી ગઠબંધન તોડ્યું છે. કેટલાક સ્થાનીક ભાજપ નેતાઓએ જાણીજોઈને ગઠબંધન તોડ્યું છે, જેનું અને દુઃખ છે. વિવાદાસ્પદ બેઠકોનો મુદ્દો ઉકેલવા માટે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડ઼ણવીસસાથે વાતચીત થઈ હતી, તેમ છતાં આ વિવાદને જાણીજોઈને ઉઠાવાયો છે.’શિરસાટે એવું પણ કહ્યું કે, ‘ભાજપે શિવસેનાને અંધારામાં રાખીને સીટ શેયરિંગની વાતચીત ચાલુ રાખી છે અને પોતાના ઉમેદવારો પણ તૈયાર કરી લીધા છે. શિવસેનાએ પોતાના તમામ ઉમેદવારોને ઉમેદવારીપત્ર ભરવા માટે કહ્યું છે અને સમસ્યા ઉભી થવાની પણ આશંકા વ્યક્ત કરી છે.’શિરસાટના આક્ષેપ બાદ ભાજપ મંત્રી અતુલ સાવેએ પ્રતિક્રિયા આપી છે. અતુલે શિરસાટના દાવાઓને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે શિવસેના પર સીટ શેયરિંગને લઈને વારંવાર વલણ બદલવાનો આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું કે, ‘ભાજપના કોર્પોરેટરો જે બેઠકો પર સતત જીતતા આવ્યા છે, તે બેઠકો શિવસેના માંગી રહી છે. તેમના અહંકારના કારણે જ ગઠબંધન તૂટ્યું છે.’ ભાજપ-શિવસેના વચ્ચે પુણે મહાનગર પાલિકા મામલે પણ વિવાદ ઉભો થયો છે. આ કારણે બંને પાર્ટીઓએ અલગ-અલગ ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે.

### ૩૧ ડિસેમ્બરે સાંઈ મંદિર આખી રાત ખુલ્લું રહેશે

# નવા વર્ષે દેશનાં ૪ મુખ્ય ધાર્મિક સ્થળોએ ૧૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહોંચવાની શક્યતા

**અયોધ્યા, વૈષ્ણોદેવી, તિરુપતિ બાલાજી અને શિરડીના સાંઇ મંદિરનું મેનેજમેન્ટ એલર્ટ મોડમાં**

નવી દિલ્હી, તા.૩૦

દેશના ચાર મુખ્ય ધાર્મિક સ્થળો તિરૂપતિ, અયોધ્યા, શીરડી અને વૈશ્નોદેવી ખાતે ૩૧ ડિસેમ્બર અને ૧ જાન્યુઆરી દરમિયાન આશરે ૧૦ લાખ શ્રદ્ધાળુઓ પહોંચવાની સંભાવના છે, જેને ધ્યાનમાં રાખીને સંબંધિત મંદિરોમાં વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. આ તમામ ધાર્મિક સ્થાનોના મેનેજમેન્ટે શ્રદ્ધાળુઓની મોટી સંખ્યાને નિયંત્રિત કરવાના પગલાં અત્યારથી લેવાના શરૂ કરી દીધા છે.આંધ્ર પ્રદેશ સ્થિત તિરુપતિ મંદિરમાં ૩૦ ડિસેમ્બરથી ૧૦ દિવસીય વૈકુંઠ એકાદશી ઉત્સવ શરૂ થવાનો છે. આ દરમિયાન ૧ જાન્યુઆરી એટલે કે નવા વર્ષનો પ્રથમ દિવસ પણ આવતો હોવાથી તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ બોર્ડ દ્વારા ભીડના મેનેજમેન્ટ માટે વ્યાપક યોજના તૈયાર કરવામાં આવી છે. બોર્ડના એક સભ્યે જણાવ્યું કે ૨૪થી ૨૬ ડિસેમ્બર દરમિયાન અહીં આશરે ૨ લાખ ભક્તો આવ્યા હતા, તેથી ૨૯થી ૩૧ ડિસેમ્બર માટે ૧.૮૯ લાખ દર્શન ટોકન જારી કર્યા બાદ કાઉન્ટરો બંધ કરી દેવાયા છે.

૩૦ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી સુધી માત્ર તે જ તીર્થયાત્રીઓને દર્શનની મંજૂરી મળશે, જેમના પાસે એડવાન્સ બુકિંગવાળો માન્ય ટોકન હશે. મહારાષ્ટ્રના શિરડીમાં સ્થિત સાંઈ બાબાના મંદિરમાં આ વર્ષે આશરે ૬ લાખ ભક્તો પહોંચવાની સંભાવના છે. તેથી સાઈ બાબા સંસ્થાને નિર્ણય કર્યો છે કે ૩૧ ડિસેમ્બરે સાંઈ મંદિર આખી રાત ખુલ્લું રહેશે. નવાં વર્ષ માટે માતા વૈષ્ણો દેવી મંદિરમાં ‘ઝીરો ટોલરન્સ’ ભીડ વ્યવસ્થાપન યોજના અમલમાં મુકવામાં આવી છે.આ અંતર્ગત ૩૧ ડિસેમ્બર અને ૧ જાન્યુઆરી માટે કેટલાક કડક નિયમો લાગુ કરવામાં આવ્યા છે.કટરા પહોંચતા તમામ શ્રદ્ધાળુઓના દસ્તાવેજોની તપાસ પોલીસ દ્વારા હોટેલમાં જ કરવામાં આવી રહી છે. યોગ્ય ઓળખ દસ્તાવેજો હોવા પર જ રેડિયો ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશન કાર્ડ આપવામાં આવશે.રામનગરી અયોધ્યા નવાં વર્ષથી ૧૦ દિવસ અગાઉથી જ લગભગ ભરાઈ ચૂકી છે. દરરોજ આશરે ૧ લાખ શ્રદ્ધાળુઓ રામલલ્લાના દર્શન માટે આવી રહ્યા છે. ૩૧ ડિસેમ્બર અને ૧ જાન્યુઆરીએ આશરે ૨ લાખ શ્રદ્ધાળુઓ પહોંચવાની સંભાવના છે.

### અભ્યાસ અને પરીક્ષાના તણાવમાં ભર્યું અણધાર્યું પગલું

# સુરતમાં કથાકારની ૧૭ વર્ષની દીકરીનો આપઘાત

**પરીક્ષામાં કેવું પરિણામ આવશે અને અભ્યાસના ભારણને તે સહન ન કરી શકતા આ આત્મઘાતી પગલું ભર્યું હોવાની આશંકા સેવાઈ રહી છે**

સુરત,તા.૩૦

સુરતના ખટોદરા પોલીસ મથકની હદમાં આવતા વિસ્તારમાં આ કરુણ ઘટના બની છે. ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય કિશોરીએ પોતાના જ ઘરના રસોડામાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જે સમયે દીકરીએ આ અંતિમ પગલું ભર્યું, તે સમયે તેના પિતા કથાના કાર્યક્રમમાં વ્યસ્ત હતા. ઘરે પરત ફરતા પરિવારને દીકરીની આ હાલત જોતા પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.પ્રાથમિક વિગતો મુજબ, મૃતક કિશોરી ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી હતી. બોર્ડની આગામી પરીક્ષાઓને લઈને તે છેલ્લા કેટલાક સમયથી માનસિક તણાવમાં હોવાનું જાણવા મળ્યું છે. પરીક્ષામાં કેવું પરિણામ આવશે અને અભ્યાસના ભારણને તે સહન ન કરી શકતા આ આત્મઘાતી પગલું ભર્યું હોવાની આશંકા સેવાઈ રહી છે.ઘટનાની જાણ થતા જ ખટોદરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે કિશોરીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કથાકાર પિતા જેઓ બીજાને જીવન જીવવાનો માર્ગ બતાવે છે, તેમની જ વહાલસોયી દીકરીના આવા અંતથી પરિવાર ઘેરા આઘાતમાં સરી પડ્યો છે.

### એન્ટી-માઇક્રોબિયલ રેઝિસ્ટન્સ ખૂબ જ નુકસાનકારક

# ડોક્ટરની સલાહ વિના આડેધડ દવા લેતા હોવ તો ચેતી જજો... PM મોદીએ કરી અપીલ

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ રવિવારે મન કી બાત કાર્યક્રમમાં એન્ટી-માઇક્રોબિયલ રેઝિસ્ટન્સના ઉપયોગને લઈ ચિંતા વ્યક્ત કરી છે**

નવી દિલ્હી,તા.૩૦

દેશના અનેક લોકો સામાન્ય બીમાર પડ્યા બાદ ડોક્ટર પાસે સારવાર કરાવવાને બદલે પોતાના નજીકના દવાના સ્ટોર પર જતા હોય છે અને તેઓ દુકાનદારને બીમારીની માહિતી આપી દવા લેતા હોય છે, જોકે આ આદત ખૂબ જ નુકસાનકારક સાબિત થઈ શકે છે. દવા લેવાની આ પદ્ધતિને ધ્યાને લઈને વિજ્ઞાનીઓએ પણ ચેતવણી આપી છે કે, ભારત ધીમે ધીમે નવી મહામારી તરફ આગળ વધી રહ્યો છે. એટલું જ નહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ રવિવારે મન કી બાત કાર્યક્રમમાં એન્ટી-માઇક્રોબિયલ રેઝિસ્ટન્સના ઉપયોગને લઈ ચિંતા વ્યક્ત કરી છે.

જ્યારે બેક્ટેરિયા, વાઈરસ, ફૂગ કે પરોપજીવીઓ સમય જતાં બદલાય છે અને તેમની સામે વપરાતી દવાઓ (જેમ કે એન્ટિબાયોટિક્સ) તેમના પર અસર કરવાનું બંધ કરી દે છે, ત્યારે તે સ્થિતિને એન્ટી-માઈક્રોબિયલ રેઝિસ્ટન્સ કહેવામાં આવે છે. આ ખૂબ જ ગંભીર બાબત છે. જે બીમાર લોકો તાત્કાલિક બીમારી દૂર કરવા માટે ડોક્ટર પાસે જવાના બદલે દુકાનમાંથી એન્ટિબાયોટિક્સ જેવી દવાઓ ખરીદીને તુરંત સાજા થવા માંગે છે, તે ખૂબ જ ગંભીર બાબત છે. કારણ કે આવી રીતે જ એન્ટિબાયોટિક્સ લેવાના કારણે આજે ભારત એન્ટિબાયોટિક્સ રેઝિસ્ટન્સના સૌથી ખતરનાક સ્તરે પહોંચી ગયું છે.

વાસ્તવમાં દિલ્હીના ૧૧ જિલ્લામાં એક સર્વે હાથ ધરાયો હતો, જેમાં બીમાર લોકો દ્વારા પોતાની જાતે દવા લેવાની આદતનો ચોંકાવનારો ખુલાસો થયો છે. ઘણીવાર એવું બને છે કે, જ્યારે વ્યક્તિગત ઉપચારથી કામ થતું નથી, ત્યારે આપણે સૌથી પહેલા આપણા નજીકના ફાર્મસીનો સંપર્ક કરીએ છીએ. જ્યારે આપણે બીમાર પડીએ છીએ, ત્યારે સૌપ્રથમ ડોક્ટર પાસે જવાના બદલે દવાની દુકાને પહોંચી જઈએ છીએ. આમાં પ્રિસ્ક્રિપ્શનની જરૂર હોતી નથી અને માત્ર બીમારી કહેવામાં આવે, તો દવા મળી જાય છે. આ દરમિયાન બીમાર વ્યક્તિના મનમાં માત્ર એવું હોય છે કે, તેણે જલ્દી સાજા થવું હોય છે અને તે વિચારતો પણ નથી કે, તેને થયેલી બીમારી વાઈરલ છે કે બેક્ટેરિયલ... તેઓ એ પણ જાણતા નથી કે, દુકાનદારે આપેલી એન્ટિબાયોટિક્સ વાઈરસ દૂર કરશે કે નહીં. જોકે આવી ભૂલ માત્ર બીમાર વ્યક્તિને જ નહીં અન્ય લોકો માટે પણ ઘાતક સાબિત થઈ શકે છે. આવી રીતે એન્ટિબાયોટિક્સ લીધા બાદ આપણે બે દિવસમાં સાજા થઈ જઈએ છીએ. આ દરમિયાન આપણે ડોક્ટરના બદલે દુકાનદાર પાસે જઈને દવા લેવાની બાબતને યોગ્ય માની લઈએ છીએ. એટલું જ નહીં પછી દવા પણ છોડી દઈએ છીએ, કોર્સ પણ પૂરો કરતા નથી. જોકે આપણે એ જાણતા જ નથી કે, અધૂરા કોર્સના કારણે બેક્ટેરિયા મરતા નથી, પરંતુ તે એન્ટિબાયોટિક્સ બેક્ટેરિયાને વધુ મજબૂત બનાવે છે, એટલે કે બેક્ટેરિયાની લડવાની શક્તિ વધારે છે. આવી એન્ટિબાયોટિક્સ બેક્ટેરિયાને દવાથી બચવાની રીત શિખવાડે છે. એન્ટિબાયોટિક્સ લઈને બીમારી દૂર કરનાર વ્યક્તિમાં જ્યારે ફરી બીમારી આવે ત્યારે નવા કીટાણુને તે એન્ટિબાયોટિક્સ મારવામાં સક્ષમ રહેતી નથી. તેથી જ તેને શક્તિશાળી કીટાણુ (સુપર બગ) કહેવામાં આવે છે. આમ આ રીતે દવા લેવાની આદત માત્ર પોતાના માટે જ નહીં, અન્ય લોકો માટે પણ ખતરો ઊભો કરે છે.બીમાર પડ્યા બાદ ડૉક્ટર પાસે જવું ખૂબ જ જરૂરી છે, કારણ કે ડૉક્ટર વ્યક્તિનું ચેક અપ કરીને તેને કેટલા ડોઝની કઈ દવાની જરૂર છે, તે પ્રિસ્ક્રિપ્શનમાં લખીને આપે છે. આ દરમિયાન ડોક્ટર દર્દીને કોર્સ પણ પૂરો કરવાની સલાહ આપતા હોય છે. જોકે આપણે તાત્કાલિક બીમારી દૂર કરવા માટે સ્ટ્રોંગ દવા લેવાની ઈચ્છા રાખીએ છીએ, તેથી આપણે દુકાનદાર પાસે પહોંચી જઈ છે. જ્યારે ડૉક્ટર કોર્સ મુજબ દવા આપતા હોય છે, ત્યારે તે બીમારીને ધીમે ધીમે દૂર કરવાની હોય છે, જો તાત્કાલિક હેવી ડોઝ આપીને બેક્ટેરિયા દૂર કરવામાં આવે તો બેક્ટેરિયા તે હેવી ડોઝ સામે લડવાની ક્ષમતા બનાવી લે છે, જેના કારણે પછીના સમયમાં હેવી ડોઝ પણ કામ આવતો નથી, જેના કારણે ચેપ ફેલાવવાનું જોખમ વધવાની સાથે દવા બેઅસરનું જોખમ પણ વધે છે.સૌથી મહત્ત્વની વાત એ છે કે, સાધારણ બીમારી કે દુખાવો દૂર કરવા માટે એન્ટિબાયોટિક્સનો ઉપયોગ ન કરાય, કારણ કે તે છેલ્લું હથિયાર છે. પરંતુ જો આપણે આ છેલ્લા હથિયારને પહેલેથી જ ઉપયોગ કરીશું તો બેક્ટેરિયા છેલ્લા હથિયાર સાથે લડવામાં સક્ષમ થઈ જશે. આ પાસાઓને જોતા વિજ્ઞાનીઓએ ચેતવણી આપી છે કે, જો એન્ટિબાયોટિક્સ દવાઓનો આવી રીતે ઉપયોગ થતો રહેશે તો ભવિષ્યમાં ઓપરેશન, ડિલિવરી, સામાન્ય ઈન્ફેક્શન સહિતની બીમારી દૂર કરવામાં મોટું જોખમ ઊભું થશે.

જ્યારે આપણે વારંવાર અયોગ્ય રીતે દવાઓ (એન્ટિબાયોટિક્સ) લઈએ છીએ, તો બેક્ટેરિયા, વાઈરસ, ફૂગ કે પરોપજીવી કીટાણુઓ પોતાને એન્ટિબાયોટિક્સ સામે લડવા માટે વધુ સક્ષમ બનાવે છે. જેના કારણે પછી એન્ટિબાયોટિક્સ દવાઓથી પણ બીમારી દૂર થતી નથી. સાયન્સની ભાષામાં આવા અજેય કીટાણુઓને જ સુપર બગ કહેવામાં આવે છે. ભારતમાં એન્ટિબાયોટિક્સના વધુ પડતા ઉપયોગના કારણે આવા કેટલાક કીટાણુઓ હવે લડવામાં સક્ષમ બની ગયા છે, જેના કારણે શરીર પર દવાની અસર થવાની સંભાવનાઓ ઘટી ગઈ છે. ‘સુપર બગ જીન’ તરીકે ઓળખાતું એનડીએમ-૧ શરીરમાં બેક્ટેરિયા સામે લડવામાં સક્ષમ થઈ ગયું હોવાનું કહેવાય છે, જેના કારણે કોઈપણ દવાની કોઈ અસર થતી નથી. આના કારણે યુરિન ઈન્ફેક્શન અથવા ન્યુમોનિયા જેવા રોગ સામાન્ય દવાથી દૂર થતા નથી અને દર્દીને આઈસીયુમાં ભરતી કરવા પડે છે.

ભારતીય તબીબી સંશોધન પરિષદના તાજેતરના રિપોર્ટમાં ચોંકાવનારો ઉલ્લેખ કરાયો છે કે, ‘ભારતમાં અનેક બેક્ટેરિયામાં દવાઓ સામે લડવાનો દર ૭૦ ટકાથી ૮૦ ટકા સુધી પહોંચી ગયો છે. આનો અર્થ એ થયો કે, ૧૦ લોકોમાંથી આઠ લોકો પર સામાન્ય દવાની અસર થતી નથી, એટલે કે હવે લાસ્ટ લાઈન કહેવાતી એન્ટિબાયોટિક્સ પણ ફેલ થઈ રહી છે. એવી પણ ચિંતાજનક વાત સામે આવી છે કે, ૨૧મી સદીમાં એન્ટી માઈક્રોબિયલ રેઝિસ્ટન્સ એટલે કે, બેક્ટેરિયા, વાઈરસ અને ફૂગ જેવા સૂક્ષ્મ જીવાણુઓ બદલાઈને એન્ટિબાયોટિક્સ સામે લડવામાં સક્ષમ થઈ જશે, જેના કારણે વિશ્વમાં સૌથી ગંભીર આરોગ્યનો ખતરો ઉભો થશે. આના કારણે જીવ પણ જોખમમાં મુકાઈ શકે છે. આ એક સાયલન્સ મહામારી છે અને તેના પર તાત્કાલિક ધ્યાન આપવામાં નહીં આવે તો, ૨૦૫૦ સુધીમાં તે જીવલેણ સાબિત થઈ શકે છે.સૌથી મહત્ત્વની વાત એ છે કે, બીમારી સામે લડવા માટેનું છેલ્લું હથિયાર એન્ટિબાયોટિક્સ જ દર્દીને કામ નહીં આવે તો શું થશે? ત્યારે આપણે વિચારી શું કે, આપણે એન્ટિબાયોટિક્સ લઈને ભૂલ કરી. આજના સમયમાં આપણે ઝડપી સાજા થવા માટે એન્ટિબાયોટિક્સનો ઉપયોગ કરી રહ્યા છીએ, જોકે ભવિષ્યમાં આ જ એન્ટિબાયોટિક્સ આપણને નબળી પાડી શકે છે. આ એક એવી સમસ્યા છે, જેની કોઈ સારવાર નહીં હોય. ઘણી વખત આપણે સરકાર, ડોક્ટર કે સિસ્ટમ પર જવાબદારી થોપીએ છીએ, પરંતુ આ લડાઈ આપણા ઘરથી જ શરૂ થાય છે. વિજ્ઞાન એમ જ કહે છે કે, જ્યારે પણ બીમાર પડો ત્યારે પોતે ડોક્ટર ન બનવું જોઈએ અને ડોક્ટર પાસે તપાસ કરાવ્યા વગર પણ કોઈપણ એન્ટિબાયોટિક્સ ન લેવી જોઈએ. કોઈપણ બીમારી સામે લડવાનું છેલ્લું હથિયાર એન્ટિબાયોટિક્સ છે, જો તે છેલ્લા હથિયાર સામે જ રોગ લડવામાં સક્ષમ થઈ જશે, તો આગામી ભવિષ્યમાં શું થશે, તે આપણે જ વિચારવું છે.

### ટ્રાન્સપોર્ટ સિસ્ટમ તરફ ઐતિહાસિક પગલું

# AMTSની નવી ૨૨૫ ઇ-બસ અતિ આધુનિક સિસ્ટમ સાથે દોડશે

**એએમટીએસ પોતાના ૭૯ માત્ર વર્ષમાં પ્રવેશતા શહેરના જાહેર પરિવહન ઇતિહાસમાં સૌથી મોટું અને મહત્વપૂર્ણ પરિવર્તન લાવી રહી છે**

અમદાવાદ,તા.૩૦

મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS)ના ચેરમેન ધરમશીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે એએમટીએસ પોતાના ૭૯મા વર્ષમાં પ્રવેશતા શહેરના જાહેર પરિવહન ઈતિહાસમાં સૌથી મોટું અને મહત્વપૂર્ણ પરિવર્તન લાવી રહી છે. ૨૨૫ બીઆરટીએસ-સંગત ઈલેક્ટ્રિક એસી મિડી બસોની ખરીદી એ શહેરને સ્વચ્છ, આધુનિક અને ભવિષ્યલક્ષી ટ્રાન્સપોર્ટ સિસ્ટમ તરફ લઈ જતું ઐતિહાસિક પગલું છે.

આ સમગ્ર પ્રોક્યુરમેન્ટ પ્રક્રિયા દેશની સૌથી ઝડપી પ્રક્રિયાઓમાંની એક રહી છે. RFPP પ્રસિદ્ધિથી લઈને LOA સુધી માત્ર છ મહિનામાં પૂર્ણ કરવામાં આવી છે, અને આ એએમટીએસની કાર્યક્ષમતા, પારદર્શિતા અને નાગરિક કેન્દ્રિત દૃષ્ટિકોણનું પ્રતિબિંબ છે. દેશમાં પહેલી વખત એએમટીએસે ઈ-બસો માટે સાઈબર સિક્યોરિટી અને સેફ્ટી ઓડિટ ફરજિયાત કરી છે, જેથી બસોના ડિજિટલ સિસ્ટમ્સ, ડેટા સંચાર અને ઓપરેશન સંપૂર્ણ સુરક્ષિત રહે. ઉપરાંત, દેશના વિવિધ શહેરોમાં બનેલા બેટરી આગના બનાવોને ધ્યાનમાં રાખીને આખી બસ ફ્લીટમાં FDSS (ફાયર ડિટેક્શન અને સપ્રેશન સિસ્ટમ) ફરજિયાત કરવામાં આવી છે, જે મુસાફરોની સુરક્ષાને વધુ મજબૂત બનાવી રહ્યું છે. ગાડીનો દરવાજો બંધ થતાં જ ગાડી આગળ ચાલશે તેવી સિસ્ટમ ગોઠવાઈ છે.

શ્રેષ્ઠ ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે એએમટીએસે સ્વતંત્ર થર્ડ-પાર્ટી ઈન્સ્પેક્શન (TPI) વ્યવસ્થા અમલમાં મૂકી છે, જેમાં પ્રોટોટાઈપ ઈન્સ્પેક્શન, બેચ-લાઈન ચકાસણી અને પ્રી-ડિસ્પેચ ચેકનો સમાવેશ થાય છે. દરેક બસને VIN-વાઈઝ ડિજિટલ ચેકલિસ્ટ અને જિયો-ટેગ ફોટા સાથે સંપૂર્ણપણે ટ્રેસેબલ અને પારદર્શક રીતે સર્ટિફાય કરવામાં આવશે.

વધુમાં ચેરમેન ધરમશીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ઈ-બસની ખાસિયત હશે કે જ્યારે બસ ૨૦ સ્પિડ પર ચાલતી હશે ત્યાર પાસે જતા વાહન માટે આલાર્મ સિસ્ટમ એક્ટિવ થશે. જેથી પસાર થતા વાહનને ખ્યાલ આવશે કે બાજુમાંથી બસ ચાલી રહી છે. કારણ કે ઈ-બસમાં અવાજ હોતો નથી જેથી એક આલાર્મ સિસ્ટમ એક્ટિવ કરાઈ છે.શહેરમાં તમામ ડિઝલ બસ નાબૂદ કરી હતી ત્યાર બાદ સીએનજી બસ હતી પણ હવે તમામ ઈ-બસ એ પણ AC બસ રહેશે. એટલે આગામી સમયમાં તમામ બસ એસી બસ ઓન રોડ થઈ જશે.

### સર્જરી પણ કરાવવી પડી

# શૂટિંગ વખતે સાજિદ ખાન દુર્ઘટનાનો શિકાર થયો!

**૫૫ વર્ષીય સાજિદ ખાને એક ડાયરેક્ટર તરીકે હમશકલ, હેય બેબી અને હાઉસફૂલ જેવી ફિલ્મોનું ડાયરેક્શન કર્યું છે**

મુંબઈ, તા.૩૦

બોલિવૂડ ડાયરેક્ટર અને સલમાન ખાનના શો ‘બિગ બોસ’ના એક્સ કન્ટેસ્ટન્ટ સાજિદ ખાન એક દુર્ઘટાનો શિકાર બન્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે સાજિદ ખાન એક પ્રોજેક્ટ માટે શૂટિંગ કરી રહ્યો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં સાજિદ ખાનને પગમાં ઈજા પહોંચી છે અને તેનો પગ ફ્રેક્ચર થઈ ગયો છે. ફિલ્મ ડાયરેક્ટરને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. સાજિદની બહેન અને ડાયરેક્ટર-કોરિયોગ્રાફર ફરાહ ખાને પોતાના ભાઈનું હેલ્થ અપડેટ શેર કર્યું છે. સાજિદ ખાને ગત મહિને જ પોતાનો ૫૫મો બર્થડે સેલિબ્રેટ કર્યો હતો. તેની બહેન ફરાહ ખાન આ અવસર પર ખૂબ જ ખુશ હતી અને તેણે પોતાના ભાઈને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

જોકે, હવે તેણે સાજિદ અંગે ખરાબ સમાચાર આપ્યા છે. ફરાહ ખાને ખુદ સાજિદના અકસ્માતની પુષ્ટિ કરી છે. આ સાથે જ અકસ્માત બાદ શું-શું થયું અને હવે સાજિદની તબિયત કેવી છે તે પણ જણાવ્યું. સાજિદનો અકસ્માત શનિવારે થયો હતો અને રવિવારે તેની સર્જરી કરવામાં આવી હતી. સાજિદ ખાન એકતા કપૂરના કોઈ પ્રોજેક્ટ માટે શૂટિંગ કરી રહ્યો હતો. ત્યારે સેટ પર તેનો અકસ્માત થયો. તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો અને તેની ઈજાઓની તપાસ કર્યા બાદ ડોક્ટર્સે સર્જરીની સલાહ આપી. રવિવારે તેની સર્જરી કરવામાં આવી હતી જે સફળ રહી છે. એક ન્યૂઝ વેબસાઈટ સાથે વાત કરતા ફરાહ ખાને કહ્યું કે, ‘સર્જરી થઈ ગઈ છે. તે હવે સંપૂર્ણપણે સ્વસ્થ છે અને રિકવરી થઈ રહી છે.’૫૫ વર્ષીય સાજિદ ખાને એક ડાયરેક્ટર તરીકે હમશકલ, હેય બેબી અને હાઉસફૂલ જેવી ફિલ્મોનું ડાયરેક્શન કર્યું છે. જોકે ૧૦ વર્ષ કરતા વધુ સમયથી તેના ડાયરેક્શનમાં કોઈ ફિલ્મ નથી બની. ડાયરેક્ટર તરીકે તેની છેલ્લી ફિલ્મ હમશકલ (૨૦૧૪) હતી.

### ચૂંટણી પૂર્વે મંદિર-મસ્જિદનો મુદ્દો ચર્ચામાં

# બંગાળમાં સૌથી મોટા મહાકાલ મંદિરની સ્થાપના કરાશે : મમતાની જાહેરાત

**મમતા બેનરજી કોલકાતાના ન્યૂ ટાઉનમાં દેવી દુર્ગાને સમર્પિત એક સંકુલ દુર્ગા આંગનના શિલાન્યાસ સમારોહમાં પહોંચ્યા હતા**

કોલકાતા,તા.૩૦

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી વિધાનસભાની ચૂંટણી પૂર્વે હિન્દુત્વ કાર્ડ ખેલવા જઈ રહ્યા છે. મમતાએ સોમવારે મોટી જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે જાન્યુઆરી મહિનામાં પશ્ચિમ બંગાળના સૌથી મોટા મહાકાલ મંદિરનો શિલાન્યાસ કરાશે. સાથે જ મમતાએ દાવો કર્યો હતો કે તેઓ એક સેક્યૂલર નેતા છે અને તમામ ધર્મો પ્રત્યે માન ધરાવે છે.

મમતા બેનરજી કોલકાતાના ન્યૂ ટાઉનમાં દેવી દુર્ગાને સમર્પિત એક સંકુલ દુર્ગા આંગનના શિલાન્યાસ સમારોહમાં પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે હું ખરા અર્થમાં એક સેક્યૂલર વ્યક્તિ છું. કાર્યક્રમને સંબોધિત કરતા મમતાએ કહ્યું હતું કે બંગાળના સૌથી મોટા મહાકાલ મંદિરના નિર્માણ માટે મે જમીનની પસંદગી કરી લીધી છે તેનું નિરિક્ષણ પણ મે કર્યું છે. જાન્યુઆરી મહિનાના બીજા સપ્તાહમાં મહાકાલ મંદિરનો પાયો નાખવામાં આવશે. મે પૂજા દરમિયાન જ આ તારીખ નક્કી કરી લીધી હતી. આ દરમિયાન મમતા બેનરજીએ તૃષ્ટિકરણના આરોપોને પણ નકાર્યા હતા, તેમણે દાવો કર્યો હતો કે હું ખરા અર્થમાં સેક્યૂલર છું, કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર તમામ કાર્યક્રમોમાં ભાગ લઈ રહી છું. ભાજપ વારંવાર મમતા પર તૃષ્ટિકરણ કરવાનો આરોપ લગાવતું આવ્યું છે. તાજેતરમાં જ ટીએમસીમાંથી કાઢી મુકાયેલા એક મુસ્લિમ નેતા હુમાયુંએ બંગાળમાં બાબરી મસ્જિદ સ્થાપિત કરવાની જાહેરાત કરી હતી જેને પગલે પણ ભાજપે મમતા સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. હવે મમતાએ જ્યારે મંદિર સ્થાપવાની જાહેરાત કરી છે ત્યારે પશ્ચિમ બંગાળમાં આગામી વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણી પૂર્વે આ મંદિર અને મસ્જિદનો મુદ્દો ચર્ચામાં રહી શકે છે.

### અમદાવાદમાં ફ્લાવર શોનો શંખનાદ

# ૧ જાન્યુઆરીના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આકર્ષક ફ્લાવર શોનું ઉદ્ઘાટન

**૪૮ થી વધુ પ્રકારના વિદેશી અને દેશી ફૂલછોડનું પ્રદર્શન કરવામાં આવશે**

અમદાવાદ,તા.૩૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત વાર્ષિક ફ્લાવર શોની તૈયારીઓ હવે આખરી તબક્કામાં પહોંચી ગઈ છે. આગામી ૧ જાન્યુઆરીના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ આકર્ષક ફ્લાવર શોનું ઉદ્ઘાટન કરવામાં આવશે.

આ વર્ષે ફ્લાવર શોની મુખ્ય થીમ ’ભારત એક ગાથા’ રાખવામાં આવી છે, જે ભારતના ભવ્ય ઈતિહાસ અને સંસ્કૃતિને ફૂલોના માધ્યમથી ઉજાગર કરશે. દર વર્ષે સામાન્ય રીતે ૧૫ દિવસ સુધી ચાલતો આ શો, પ્રવાસીઓના ભારે પ્રતિસાદને ધ્યાનમાં રાખીને આ વર્ષે ૨૫ દિવસ સુધી લંબાવવામાં આવ્યો છે, જે અમદાવાદીઓ માટે નવા વર્ષની મોટી ભેટ સાબિત થશે. આ વખતનો ફ્લાવર શો વિશાળ ૭૩ હજાર સ્ક્વેર મીટર વિસ્તારમાં ફેલાયેલો હશે, જેમાં ૪૮ થી વધુ પ્રકારના વિદેશી અને દેશી ફૂલછોડનું પ્રદર્શન કરવામાં આવશે. પ્રદર્શનમાં મુખ્ય ૬ આકર્ષણના કેન્દ્રો રહેશે, જેમાં ભારતના વિવિધ તહેવારો, શાસ્ત્રીય નૃત્યો, પૌરાણિક ભારતના સ્કલપચર અને દેશની વિવિધ ક્ષેત્રે હાંસલ કરેલી સિદ્ધિઓની પ્રતિકૃતિઓ જોવા મળશે. આ ઉપરાંત, ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ ઝોન પણ મુલાકાતીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બનશે. આ ભવ્ય આયોજન દ્વારા ભારતીય વારસાને જીવંત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જે શહેરીજનોને મંત્રમુગ્ધ કરી દેશે.

# રાજુલા : ઉત્કૃષ્ટ આરોગ્ય સેવાઓ બદલ તાલુકાના ત્રણ આયુષ્માન આરોગ્ય મંદિરોને રાષ્ટ્રીય કક્ષાનું NQAS પ્રમાણપત્ર એનાયત












રાજુલા તાલુકાના લોકોને સારી ગૂણવતાસભર આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે સેન્ટ્રલ ક્વોલિટી કાઉન્સેલિંગ ઓફ ઈન્ડિયાની દિલ્હી ખાતેની રાષ્ટ્રીય કક્ષાની ટીમ દ્વારા NQAS–રાષ્ટ્રીય ગુણવતા ખાત્રી ધોરણો અંગેનુ એસેસમેન્ટ કરવામાં આવતા કુંભારિયાને ૮૯.૫૯, વાવેરાને ૮૨.૪૪ અને વાવડીને ૯૨.૫૬ ટકા મેળવી રાષ્ટ્રીય કક્ષાનુ NQAS પ્રમાણપત્ર ભારત સરકારના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તરફથી એનાયત કરવામા આવેલ છે. જે રાજુલા તાલુકાના લોકો માટે આરોગ્ય ક્ષેત્રે એક અનેરી સિદ્ધી પ્રાપ્ત થયેલ છે તેમજ ગૌરવવંતી બાબત છે. જીલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડ્યાના માર્ગદર્શન હેઠળ અને આરોગ્ય અધિકારી ડો.રશ્મિકાંત જોષી અને ક્વોલિટી મેડિકલ ઓફિસર ડો. આર.કે. જાટની સૂચના મુજબ રાજુલા તાલુકાના આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે કેન્દ્ર સરકાર દ્વારા નિયુકત થયેલી ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી સઘન ચકાસણી બાદ આ સન્માન પ્રાપ્ત થયું છે. આ ચકાસણીમાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ, માતૃત્વ અને બાળ આરોગ્ય સેવાઓ, કિશોર આરોગ્ય સંભાળ, રોગ નિદાન અને સારવાર, ઈમરજન્સી સેવાઓ, માનસિક આરોગ્ય, આયુષ અને યોગ તેમજ શાળા આરોગ્ય કાર્યક્રમો જેવી સેવાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતુ. આ મૂલ્યાંકન દરમિયાન દર્દી–કેન્દ્રિત સેવાઓ, સ્ટાફની કામગીરી અને જરૂરી માપદંડોની ચકાસણી કરવામાં આવી હતી. આ સઘન પ્રક્રિયાના અંતે કુંભારીયા, વાવડી અને વાવેરાને રાષ્ટ્રીય કક્ષાનું NQAS પ્રમાણપત્ર મળ્યું છે. જે રાજુલા તાલુકાના આરોગ્ય માળખાને વધુ મજબૂત બનાવશે અને નાગરિકોને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં મદદરૂપ થનાર હોવાનુ તાલુકા આરોગ્ય અધિકારી ડો. નિલેશ કલસરીયા દ્વારા જણાવ્યુ હતુ. જીલ્લા આરોગ્ય ટીમના ડો. સોનલબેન રાબડીયા, ડો. એન.આર. ધડુક અને ડો.દેવેન વ્યાસ દ્વારા વધુ સારી રીતે કામગીરી કરી શકાય તે માટે વિઝીટ કરી જરૂરી સૂચનો કર્યા હતા. જયારે તાલુકા આરોગ્ય અધિકારી ડો.નિલેશ કલસરીયા,મેડિકલ ઓફિસરઓ, કોમ્યુનિટી હેલ્થ ઓફિસરો, નર્સ બહેનો, મ.પ.હે.વ. ભાઈઓ અને આશા બહેનો સહિતના આરોગ્ય સ્ટાફ દ્વારા રાષ્ટ્રીય કક્ષાના સર્ટિફિકેટ માટે ગ્રામ પંચાયતના સહયોગ સાથે ઉતમ કામગીરી કરાઈ હતી જે યાદીમાં જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું બુથ ઉપર બી.એલ.ઓ. ગેરહાજર

રોજખાસ કેમ્પ રાખવામાં આવ્યો હતો. આ કેમ્પમાં જે તે વિસ્તારના બુથ લેવલ ઓફિસર હાજર રહી બાકી રહી ગયેલા મતદારો કે નવા ઉમેરવાના મતદારો કે કમી કરવાના મતદારોની અરજી સ્વીકારી મતદાર યાદી સુધારણા કાર્યક્રમમાં નામ નોંધવાની કાર્યવાહી હાથ ધરવાના હતા. ત્યારે સાવરકુંડલા ખાતે રઘુવંશીપરામાં પ્રાથમિક શાળા નંબર પાંચ ખાતે આવેલા બુથમાં ફરજ પરના બીએલઓ સતત ગેરહાજર રહેતા અહીં મોટી આશાએ મતદાર સુધારણા યાદી માટે આવેલા અરજદારોને ધક્કો થયો હતો. તેમાય ફોર્મ ભર્યા વગર પરત કર્યા હતા. ઉલ્લેખનીય છે કે ચુંટણીપંચ દ્વારા અને જે તે રાજકીય પક્ષો દ્વારા પણ મતદાર યાદી ચકાસણી કાર્યક્રમમાં લોકોને સહકાર આપવા અને કોઈપણ સંજોગોમાં પોતાનું નામ રહી ન જાય તે માટે વિવિધ માધ્યમો થકી પ્રોત્સાહિત કર્યા હતા. સતત આવી ઝુંબેરથી અભણ મતદારો કે સિનિયર સિટીઝનોમાં નામ બાકાત રહી જવાનો કાલ્પનિક ભય પણ ફેલાયેલો હતો. ત્યારે મતદારો પોતાના નામો મતદારયાદીમાં ચકાસવા ઉમેરવા સુધારો કરવાની આશા સાથે બુથ ઉપર ગયા પરંતુ શાળા નંબર પાંચ ખાતે બુથ લેવલ ઓફિસર જ ગેરહાજર રહેતા મતદારોમાં ભારે નિરાશા ફેલાઈ ગઈ હતી. ચુંટણીપંચ દ્વારા મતદારોનું નામ નોંધાવવા માટે જુંબેશ ચલાવવામાં આવે છે. ત્યારે મતદાર યાદી ચકાસણી કાર્યક્રમમાં ખુદ બીએલઓ જ ગેરહાજર રહેતા મતદારોમાં નિરાશા ફેલાઈ ગઈ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાંથી વિદેશી દારૂની

ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ મોહનનગરમાં રહેતાં વિજયભાઈ જયસુખભાઈ દાવડા નામના ૩૩ વર્ષીય યુવકે ગત તા.૨૯ ના સાંજનાં ૭.૫૫ કલાકે સાવરકુંડલા બાયપાસ કનૈયા ગેરેજની બહાર રોડ પાસે વગર પાસ પરમીટે રાખેલ અલગ–અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૮૦ મી.લી.ની બોટલ નંગ–૩૪ કિમત રૂ.૩૯૧૦ ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું એનએફએસએ યોજનામાંથી રદ

કરવામાં આવી હતી.

આ ચકાસણી દરમિયાન તેમાં કેટલાંક લોકો તો જી.એસ.ટી. નંબર પણ ધરાવતાની સાથે દર વર્ષે ૨૫ લાખથી વધારેનું ટર્ન ઓવર ધરાવતા માલેતુદારો હતાં. અમરેલી જિલ્લાના ૧,૦૧,૧૮૭ શંકાસ્પદ સભ્યોનું પૂરવઠા વિભાગ દ્વારા વેરીફીકેશન શરૂ કરાવ્યું છે અને તેમને નોટિસો આપીને ખૂલાસા પૂછયા બાદ આવા નામો એનએફએસએ (નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ) ખાદ્ય સુરક્ષા યોજનામાંથી રદ કરવામાં આવ્યા છે.

અમરેલી જિલ્લા પૂરવઠા વિભાગે જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં એનએફએસએ યોજના હેઠળ કુલ ૧,૯૭,૫૬૩ રાશનકાર્ડ ધારકો આવેલા છે. તેમના પરિવારના સભ્યો મળીને કુલ ૯,૦૦,૮૦૯ લોકોની સંખ્યા છે. તેમાંથી જે લોકોએ પોતાનું આધારકાર્ડ લીંક કરાવ્યું છે તેમને જ અનાજનું વિતરણ કરવામાં આવે છે અને બાકીનાને અપાતું નથી.

આ ઉપરાંત અમરેલી જિલ્લા પૂરવઠા વિભાગ દ્વારા સરકારી ડેટાના આધારે કરવામાં આવેલા એક સર્વેમાં અમરેલી જિલ્લામાં ખાસ કરીને ગરીબો એનએફએસએ યોજનામાં ૧,૦૧,૧૮૭ લોકો સંભવિત રીતે આર્થિક રીતે સધ્ધર હોવા છતાં પણ સસ્તા અનાજનો અને હાલમાં મફત અપાતા અનાજનો જથ્થો લેતા હોવાનું ધ્યાને આવેલ છે. જયારે અમુક સાયલન્ટ કાર્ડ ધારકો પણ શંકાસ્પદ હોવાથી આ તમામના વેરીફીકેશન માટેની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

જે કામગીરી હાલમાં ૧૦૦% પૂર્ણ થઈ ગઈ છે. આ પૈકી ૧૮૦ લોકો એવા પણ છે જેઓ જી.એસ.ટી. નંબર સાથે રૂપિયા ૨૫ લાખ કરતા વધારેનું વાર્ષિક ટર્ન ઓવર ધરાવે છે છતાં પણ ગરીબોનું અનાજ મેળવે છે. આ તમામને નોટિસો આપીને બાદમાં તેમના નામ પણ એનએફએસએ યોજનામાંથી રદ કરાયા છે. આવા રાશન કાર્ડ ધારકો એપીએલ તરીકે ચાલુ રહેશે. બાદમાં આ તમામ લોકોની ચકાસણી કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

## લાઠી નજીક આવેલ આસોદર એસબીઆઈ દ્વારા અકસ્માત વીમાનો ચેક વિતરણ થયો

### મેનેજરનાં હસ્તે ચેક અર્પણ

બાબરા, તા. ૩૦

લાઠી તાલુકાની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)ની આંસોદર શાખા દ્વારા ગ્રાહક સુરક્ષા અને સેવાના ભાગરૂપે એક સરાહનીય કામગીરી કરવામાં આવી છે. બેન્કના એક ખાતેદારના આકસ્મિક અવસાન બાદ, તેમના વારસદારને એસ.બી.આઈ. જનરલ પર્સનલ અકસ્માત વીમા અંતર્ગત રૂ. ૧૦,૦૦,૦૦૦ (દસ લાખ) ના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, ઈંગોરાલા ગામના રહેવાસી શેખ અનવરભાઈ ફતેભાઈ કે જેઓ આસોદર એસ.બી.આઈ. શાખામાં ખાતું ધરાવતા હતા, તેમનું વાહન અકસ્માતમાં આકસ્મિક અવસાન થયું હતું. સ્વર્ગસ્થ અનવરભાઈએ માત્ર રૂ. ૫૦૦ના નજીવા પ્રીમિયમથી એસ.બી.આઈ. જનરલનો પર્સનલ અકસ્માત વીમો (પી.એ.આઈ.) લીધેલ હતો.

બેન્ક દ્વારા વીમા પ્રક્રિયા પૂર્ણ કરી, સ્વર્ગસ્થના પત્ની અને વારસદાર એવા વહીદાબેન અનવરભાઈ શેખને વીમાની રકમ રૂ. ૧૦,૦૦,૦૦૦નો ચેક સુપરત કરવામાં આવ્યો હતો. આ કપરા સમયમાં આર્થિક સહાય મળતા પરિવારજનોએ બેન્કનો આભાર વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે આંસોદર શાખાના બ્રાન્ચ મેનેજર નિરવસિંહ દિલીપસિંહ ગોહિલ, અન્ય સ્ટાફ મિત્રોમાં અમિતકુમાર શુક્લા, ધર્મેશભાઈ ભાસ્કર, શિવમ ડેર તથા એસ.બી.આઈ. જનરલ સ્ટાફમાંથી જીજ્ઞેશભાઈ ગઢાદરા ઉપસ્થિત રહ્યા હતા.

શાખા મેનેજર ગોહિલે જણાવ્યું હતું કે, ''દરેક ગ્રાહકોએ ખૂબ જ ઓછા પ્રીમિયમમાં મળતા આવા અકસ્માત વીમા લેવા જોઈએ, જેથી ભવિષ્યમાં કોઈ પણ અનિચ્છનીય ઘટના સમયે પરિવારને આર્થિક ટેકો મળી રહે.''

## સાવરકુંડલા ખાતે શુક્રવારે ૩૪૩મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ યોજાશે

સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા શહેરમાં શિક્ષણ સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામ સમા સ્વામિનારાયણ ગુરૂકુળ અને અમરેલી જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ દ્વારા સેવાકીય વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે. તે પૈકી આગામી તારીખ ૨/૧/૨૬ને શુક્રવારે ૩૪૩માં વિનામુલ્યે મહાનેત્રયજ્ઞ નેત્રમણિ સાથેનું આયોજન ગુરૂકુળ ખાતે કરવામાં આવશે.

આ કેમ્પનો લાભ લેવા આંખના દર્દીઓને ગુરૂકુળના શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામી પ્રમુખ, કોઠારી અક્ષરમુક્ત દાસજી સ્વામીએ અપીલ કરી હતી. જેમાં આંખના રોગોથી પીડાતા દર્દીઓનું નિદાન, સારવાર, દવા અને નંબર વાળા ચશ્મા વિનામૂલ્યે આપવામાં આવશે તેમજ મોતિયાના ઓપરેશન કરવાના થાય તેવા દર્દીઓને ગુરૂકુળથી બસ દ્વારા વિરનગર લઈ જવામાં આવશે અને ઓપરેશન બાદ સાવરકુંડલા પરત લાવવામાં આવશે.

આ કેમ્પના દાતા તરીકે નરેન્દ્રકુમાર પોપટલાલ મહેતા મહેતા બ્રધર્સ અમદાવાદ સેવા આપશે. ગુરૂકુળ દ્વારા અહીં યોજાતા નેત્ર યજ્ઞની પરંપરામાં આ ૩૪૩મો નેત્ર યજ્ઞ યોજાશે.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરામાં પેસેન્જર ભરવા બાબતે

વિંટી આશરે ૩ ગ્રામની કિંમત રૂપિયા ૧૫,૦૦૦ ની તેમજ પેન્ટના પાછળના ખીસ્સામાં રહેલ પાકીટ જેમાં રૂપિયા ૩૨૦૦ રોકડાની લુંટ કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

જયારે આ બનાવમાં સામાપક્ષે બાબરા આંબેડકરનગરમાં રહેતાં વિનોદભાઈ માલાભાઈ મારૂ ૫ર વર્ષીય વેપારીએ પણ આરોપી આદિલ પઠાણ તથા અમરેલીમાં રહેતાં જીવાભાઈ ઘાંચી તથા બે અજાણ્યા ઈસમો સામે પોતે અનુ.જાતી સમાજના હોય તેવુ જાણતા હોવા છતાં તેમને જાહેરમાં જ્ઞાતી પ્રત્યે અપશબ્દો કહી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી આરોપીઓએ ત્યાં આવી લાકડાના ધોકા તથા પાઈપ વતી ફરીયાદીને શરીરે માર મારી તથા આરોપીઓએ વેપારીના ખીસ્સામાં રહેલા રૂપિયા ૧૯,૫૦૦ કાઢી લઈ લુંટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## અવસાન નોંધ

**ચિત્તલ :** ચિત્તલ નિવાસી લુહાર કારેલીયા સ્વ. જસુમતિબેન મનહરલાલ (ગુણાભાઈ) (ઉ.વ.૬૬) ના ધર્મપત્નિ તે રાજેશભાઈ તથા વિશાલભાઈના માતૃશ્રીનું તા.૨૮/૧૨/૨૦૨૫ને રવિવારે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વ.નું બેસણું તા.૧/૧/૨૦૨૬ ને ગુરૂવારે લુહાર જ્ઞાતિની વાડી (ભીડભંજન મહાદેવના મંદિર પાસે) લુહાર શેરી નદી કાંઠે ચિત્તલ ખાતે બપોરના ૩ થી ૬ રાખેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૧ | ૧૫૫૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૮૦ | ૯૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૯૮ | ૧૩૭૮ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૨૭૬ | ૧૩૭૫ |
| ૩ | શિંગ મોટી | ૯૬૦ | ૧૩૮૧ |
| ૪ | શિંગદાણા | ૧૦૭૦ | ૧૫૧૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૮૦ |
| ૬ | તલ કાળા | ૨૦૦૦ | ૪૩૦૦ |
| ૭ | બાજરો | ૩૮૧ | ૪૧૫ |
| ૮ | જુવાર | ૪૮૫ | ૧૨૦૦ |
| ૯ | ઘઉં બંસી | ૪૯૬ | ૪૯૬ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૫૮ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૬ |
| ૧૨ | અડદ | ૮૩૦ | ૧૪૫૦ |
| ૧૩ | ચણા | ૬૬૬ | ૧૦૪૧ |
| ૧૪ | સફેદ ચણા | ૮૨૦ | ૧૦૫૧ |
| ૧૫ | છોલે ચણા | ૧૬૬૦ | ૧૬૬૦ |
| ૧૬ | તુવેર | ૮૫૦ | ૧૨૫૫ |
| ૧૭ | કપાસ | ૮૮૦ | ૧૫૬૬ |
| ૧૮ | એરંડા | ૧૧૦૦ | ૧૨૮૫ |
| ૧૯ | જીરૂ | ૨૯૫૦ | ૩૯૭૦ |
| ૨૦ | ધાણા | ૧૪૭૫ | ૧૮૯૫ |
| ૨૧ | મેથી | ૭૦૦ | ૭૫૦ |
| ૨૨ | સોયાબીન | ૭૫૦ | ૯૦૫ |
| ૨૩ | મરચા લાંબા | ૯૩૦ | ૪૭૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૨૫ | ૧૨૧૦ |
| ૨ | ઘઉં | ૪૫૦ | ૫૧૫ |
| ૩ | ચણા | ૯૪૫ | ૯૭૧ |
| ૪ | તુવેર | ૯૨૦ | ૧૧૪૦ |
| ૫ | ધાણા | ૧૬૦૦ | ૧૬૭૦ |
| ૬ | મગ | ૧૬૭૫ | ૧૬૭૫ |
| ૭ | શીંગદાણા | ૧૧૧૧ | ૧૩૬૧ |
| ૮ | સોયાબીન | ૭૫૦ | ૮૭૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૫૦ | ૧૩૦૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૪૦૩ |
| ૩ | તલ સફેદ | ૧૯૪૫ | ૨૪૦૦ |
| ૪ | જીરૂ | ૩૭૦૦ | ૪૧૪૧ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૫૬૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૪૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૩૯ |
| ૮ | અડદ | ૬૫૦ | ૯૦૦ |
| ૯ | ચણા | ૮૫૦ | ૧૦૨૦ |
| ૧૦ | તુવેર | ૯૭૫ | ૧૨૬૦ |
| ૧૧ | એરંડી | ૧૨૪૨ | ૧૨૭૧ |
| ૧૨ | સોયાબીન | ૮૪૦ | ૯૦૮ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૧ | ૧૫૩૬ |
| ૨ | મગફળી | ૧૧૫૦ | ૧૨૯૦ |
| ૩ | સોયાબીન | ૮૫૧ | ૮૫૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૬૦૯ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૫ | ૪૯૯ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૦૬ |
| ૪ | અડદ | ૭૦૦ | ૧૧૪૫ |
| ૫ | ચણા | ૯૦૦ | ૧૦૨૫ |
| ૬ | ધાણા | ૧૩૦૦ | ૧૭૧૦ |
| ૭ | બાજરો | ૩૦૦ | ૪૨૦ |
| ૮ | સોયાબીન | ૬૦૦ | ૮૯૦ |
| ૯ | મગફળી | ૭૦૦ | ૧૧૫૫ |
| ૧૦ | કાંગ | ૨૧૧ | ૨૧૧ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૭૦ | ૧૩૯૫ |
| ૧૨ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૯૧૦ |
| ૧૩ | તુવેર | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૧૪ | લસણ | ૧૦૦૦ | ૧૨૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૮૦ | ૧૫૯૬ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૦૫૦ | ૧૨૮૦ |
| ૩ | મગફળી | ૧૦૬૩ | ૧૩૫૭ |
| ૪ | તલ સફેદ | ૧૬૩૫ | ૧૯૨૫ |
| ૫ | તલ કાળા | ૩૨૩૦ | ૪૮૬૦ |
| ૬ | જીરૂ | ૩૧૧૦ | ૩૯૮૦ |
| ૭ | ઘઉં | ૪૭૫ | ૫૨૫ |
| ૮ | ચણા | ૯૬૫ | ૧૦૪૫ |
| ૯ | અડદ | ૯૫૫ | ૧૧૮૫ |
| ૧૦ | મગ | ૧૨૭૦ | ૧૫૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૩૪૦ |
| ૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૦૦૦ |
| ૩ | તલ કાળા | ૩૫૦૦ | ૩૫૦૦ |
| ૪ | તલ પીળા | ૨૦૩૨ | ૨૧૫૦ |
| ૫ | કપાસ | ૯૦૦ | ૧૫૫૧ |
| ૬ | બાજરો | ૩૬૮ | ૫૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૬૩ | ૫૫૨ |
| ૮ | જુવાર | ૪૫૧ | ૧૦૭૬ |
| ૯ | મગ | ૧૧૦૧ | ૨૯૦૦ |
| ૧૦ | અડદ | ૭૦૦ | ૧૩૦૧ |
| ૧૧ | ચણા | ૯૨૬ | ૯૯૦ |
| ૧૨ | સોયાબીન | ૭૫૧ | ૮૫૩ |

# બગસરા : માર્કેટયાર્ડનાં પુર્વ ચેરમેન કાંતિલાલ સતાસિયા પરિવારની લાડલીનો લગ્ન સમારોહ યોજાયો



બગસરા માર્કેટયાર્ડના પુર્વ ચેરમેન કાંતિલાલ સતાસિયાના નાનાભાઈની લાડલી દીકરીનો લગ્નોતસવ તાજેતરમાં યોજાયો હતો. આ લગ્નોત્સવમાં ખોડલધામનાં પ્રમુખ નરેશ પટેલ, વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, પુર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ, તંત્રી મનોજભાઈ રૂપારેલ, હાઈકોર્ટના એડવોકેટ રાજેશ રૂપારેલ, મનિષ સંઘાણી, પુર્વ ધારાસભ્ય મનસુખ ભુવા, બી.એલ.રાજપરા સહિતના સામાજિક અને રાજકીય આગેવાનોએ નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

### પોલીસ અધિક્ષકના માર્ગદર્શન તળે

## અમરેલીના દેવભુમિ દેવળીયા ખાતે મિશન સ્માઈલ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

### ગુડ ટચ અને બેડ ટચ અંગે બાળકોને સમજ અપાઈ

અમરેલી,તા.૩૦

દેવભૂમિ દેવળીયા ખાતે તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન નીચે મિશન સ્માઈલ નામનો પ્રોગ્રામ દેવભૂમિ દેવળીયા પ્રાથમિક શાળા ખાતે યોજાયો જેમાં ધોરણ બાલવાટિકાથી લઈ પાંચમા ધોરણ સુધીના તમામ બાળકોને વિડિયો ફિલ્મ દ્વારા ગુડ ટચ અને બે ડચ વિશે સમજાવવામાં આવ્યું ત્યાર બાદ બાળકોને તેમના વિશે વ્યક્તિગત માર્ગદર્શન પણ આપવામાં આવ્યું આ કાર્યક્રમમાં પ્રતિષ્ઠિત આગેવાન સરપંચપતિ નાથાલાલભાઈ સુખડિયા શાળા પરિવાર તેમજ તાલુકા પોલીસ સ્ટેશનમાંથી આવેલ સ્ટાફ હાજર રહેલ હતા અને બાળકોને મિશન સ્માઈલ વિશે સમજાવેલ હતું અને બાળકોને ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર ૧૦૯૮ વિશે માહિતગાર કરેલ હતા આ તકે તાલુકા



પોલીસ સ્ટેશનમાંથી પધારેલ બહેનોનો આભાર વ્યક્ત શાળાના આચાર્ય રાજયગુરૂ અમરીશભાઈ દ્વારા કરવામાં આવેલ હતો આ અખબારયાદી ગામના આગેવાન નાથાલાલભાઈ સુખડિયાની યાદી જણાવે છે.

## જુના સાવરમાં સ્ટાર ગેઝીંગના કાયક્રમનું આયોજન



સાવરકુંડલા, તા. ૩૦

ટી. કે. પારેખ હાઈસ્કૂલ, જુનાસાવરમાં આજે રાત્રે આકાશ નિરીક્ષણનો એટલે કે સ્ટાર ગેઝિંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનું આયોજન શાળામાં કાર્યરત વિજ્ઞાન કલબના સહયોગથી કરવામાં આવ્યું હતું. તારામંડળો અને ગ્રહોની ઓળખ અંગે વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક જાગૃતિ લાવવાનો મુખ્ય હેતુ રહ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત શાળાના વિજ્ઞાન શિક્ષક વિનોદરાય વાળાએ પ્રાચીનથી આધુનિક ખગોળ શાસ્ત્રના વિકાસ વિશેના સંક્ષિપ્ત પરિચયથી કરી. બાદમાં નિષ્ણાંત માર્ગદર્શકો સમીરભાઈ શેખ અને સમાબેન બ્લોચ દ્વારા તારામંડળોની રચના, ધ્રુવતારા, ઓરાયન, સાતભાઈ તારાઓ તેમજ ચંદ્ર અને ગ્રહોના અવલોકન અંગે સમજ આપવામાં આવી. ટેલિસ્કોપ દ્વારા વિદ્યાર્થીઓને સીધું આકાશ નિરીક્ષણ કરવાની તક પણ આપવામાં આવી. વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક પ્રશ્નો પુછીને ચર્ચામાં જોડાયા.આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં બ્રહ્માંડ પ્રત્યે જિજ્ઞાસા, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને અવલોકન શક્તિ વિકસાવવાનો ઉત્તમ પ્રયત્ન થયો. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષક ચેતનભાઈ ત્રિવેદી, સંધ્યાબેન જાદવ, વિશિષ્ટ શિક્ષક સંદીપભાઈ ત્રિવેદી તેમજ પ્રકાશભાઈ રાઠોડ અને જયંતીભાઈ જીજવાડીયાએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમની સફળતા બદલ શાળાના આચાર્ય આશિષકુમાર એમ જોશી તેમજ ગામના સરપંચ કલ્પેશભાઈ કાનાણીએ શુભેચ્છા પાઠવી હતી.

### ઝવેરચંદ મેઘાણી લોક સાહિત્યક કેન્દ્રનાં સહયોગથી

## અમરેલીનાં મોટા ગોખરવાળા ગામે યોજાયેલ એનએસએસ કેમ્પમાં લોક સંગીતનો કાર્યક્રમ યોજાયો

### મધુર સુર અને તાલ-ઢોલકનાં તાલે કેમ્પમાં ઉત્સાહપૂર્ણ વાતાવરણ સર્જાયુ

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલીના એનએસએસ વિભાગ દ્વારા મોટા ગોખરવાળા ગામ ખાતે યોજાયેલ સાત દિવસીય વાર્ષિક કેમ્પ દરમિયાન ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના સહયોગથી લોકસંગીતનો સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૨૬/૧૨/૨૯૨૫ના રોજ રાત્રે ૮:૩૦ કલાકે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં લોકસાહિત્ય અને લોકસંગીત પ્રત્યે રૂચિ વિકસાવવાનો તથા ગુજરાતની સમૃદ્ધ લોકસાંસ્કૃતિક પરંપરાનું જતન કરવાનો હતો. આ કાર્યક્રમમાં લોકગાયક પ્રવીણદાન ગઢવી અને તેમના કલાવૃંદ દ્વારા લોકસંગીતની સરવાણી પ્રસ્તુત કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત મહેમાનોના સ્વાગતથી કરવામાં આવી હતી. કલાકારો દ્વારા વિવિધ પ્રકારના લોકગીતો, ભજનો, તથા રાસ–ગરબા પ્રસ્તુત કરવામાં આવ્યા. લોકગીતોમાં ગ્રામ્ય જીવન, માનવ સંવેદના,



દેશભકિત તથા સામાજિક એકતાના ભાવો વ્યકત થયા, જેના કારણે શ્રોતાઓ ભાવવિભોર બન્યા હતા.

લોકસંગીતના મધુર સૂર અને તાળી–ઢોલકના તાલે સમગ્ર કેમ્પમાં ઉત્સાહપૂર્ણ વાતાવરણ સર્જાયું હતું. એનએસએસ સ્વયંસેવકો તથા ગામના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા અને કાર્યક્રમનો આનંદ માણ્યો અને સાથે મળીને રાસગરબા પણ રમ્યા હતા. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને લોકસાહિત્યની મહત્તા સમજાઈ તેમજ સંસ્કૃતિક મૂલ્યો પ્રત્યે આદરભાવ વિકસ્યો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. નિરૂપા ટાંક દ્વારા કરવામાં આવ્યું અને આભાર પણ વ્યકત કરવામાં આવ્યો. આ કાર્યક્રમના આયોજનમાં મોંઘીબા મહિલા કાલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.જી.વી. વેલિયત તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્યના કેન્દ્ર નિયામક ડો.જે.એમ. ચંદ્રવાડિયાનો સહકાર સાંપડ્યો હતો. લોકસંગીત કાર્યક્રમ એનએસએસ વાર્ષિક કેમ્પ માટે યાદગાર અને પ્રેરણાદાયક સાબિત થયો.

### ગાંધીનગર ખાતે ઉત્સાહભેર વરણીને આવકારી

## બાબરા પાલિકા પ્રમુખ સહિતનાં આગેવાનોએ ભાજપ પ્રદેશ કિ.મો.પ્રમુખ હિરેન હિરપરાને શુભેચ્છા પાઠવી

### ઉર્જામંત્રી વેકરિયા અને ધારાસભ્ય તળાવીયા સાથે વિકાસ પ્રશ્ને ચર્ચા કરી

બાબરા, તા. ૩૦

બાબરામાં નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, વાંડળીયા સરપંચ લલિતભાઈ વેકરિયા, તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા, નગરપાલિકા સભ્ય ધર્મેશભાઈ વાવડીયા સહિતના ભાજપના અગ્રણીઓ દ્વારા ગાંધીનગર ખાતે પ્રદેશ ભાજપના કિસાન મોરચાના નવ નિયુકત પ્રમુખ હિરેનભાઈ હિરપરાની મુલાકાત કરી શુભકામનાઓ પાઠવી હતી. તેમજ ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયા અને ધારાસભ્ય જનકભાઈ તલાવીયાની મુલાકાત કરી



શહેરના વિકાસનાં પ્રશ્નો અંગે રજુઆત । અને ચર્ચા કરી હતી.

### યોગ પ્રતિનિધિ મંડળની માંગ

## રાજયભરની શાળાઓમાં યોગ, શિક્ષકોની ભરતી કરો

### રાજયનાં શિક્ષણમંત્રીની મુલાકાત લીધી



અમરેલી, તા. ૩૦

રાજયની સરકારી શાળાઓ અને શિક્ષણ સંસ્થાઓમાં યોગ વિજ્ઞાનનો પાયો વધુ મજબૂત કરવાના ઉમદા હેતુ સાથે ‘‘ઈન્ડિયન યોગિની એસોસિએશન–ગુજરાત ચેપ્ટર’’ દ્વારા એક મહત્વપૂર્ણ અભિયાન હાથ ધરાયું છે. જેમાં એસોસિએશનના અધ્યક્ષ કામિનાબેન પટેલના નેતૃત્વમાં એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળે રાજય સરકારના મંત્રીઓની રૂબરૂ મુલાકાત કરી યોગ શિક્ષકોની કાયમી ભરતી માટે ધારદાર રજૂઆત કરી હતી. પ્રતિનિધિ મંડળના યોગાચાર્ય પિન્ટુભાઈ સંઘાણી, પ્રકાશભાઈ, પંકજભાઈ, અજયભાઈ, વિદ્યાબેન તેમજ કિન્નરીબેને રાજય કક્ષાના મંત્રી રીવાબા જાડેજા અને કેબિનેટ મંત્રી પ્રદ્યુમન વાજા સાથે સઘન ચર્ચા કરી હતી. આ બેઠકમાં લાયકાત ધરાવતા હજારો યોગ શિક્ષકોના હિતમાં કાયમી નીતિ ઘડવા અને શૈક્ષણિક માળખામાં યોગને અનિવાર્ય સ્થાન આપી સત્વરે ભરતી પ્રક્રિયા શરૂ કરવાની માંગ પર ભાર મૂક્યો હતો. મંત્રીઓએ પણ આ મામલે અત્યંત સંવેદનશીલ અને સકારાત્મક અભિગમ દાખવતાં વિસ અપાવ્યો હતો કે, આગામી બેઠકમાં સંબંધિત અધિકારીઓ સાથે પરામર્શ કરી એક નક્કર પોલિસી તૈયાર કરાશે.

## શાખાનાં પુષ્પો

ડો. વિશ્વરૈયાને ભારત રત્ન મળ્યો ત્યારે એ લેવા તેઓ દિલ્હી ગયા. રાજકીય અતિથિ હોવાના કારણે તેના રહેવાની વ્યવસ્થા રાષ્ટ્રપતિ ભવનમાં હતી. એક દિવસ તેઓ રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્ર પ્રસાદની પાસે ગયા અને કહ્યું, ‘હવે મને આજ્ઞા આપો. હું જાઉં છું. રાજેન્દ્રપ્રસાદજીએ કહ્યું કે, ‘આપના આવ્યાને હજી ત્રણ દિવસ જ થયા છે. થોડા દિવસો રોકાઈ જાઓ મારે આપની સાથે થોડી ચર્ચા કરવી છે. ડો. વિશ્વરૈયાએ કહ્યું કે, ‘જો એમ હોય તો હું રોકાઈશ પરંતુ બીજે કયાંક. રાજેન્દ્રપ્રસાદજીએ કહ્યું કે, ‘કેમ અહીં આપને કોઈ કષ્ટ છે ? તેના જવાબમાં વિશ્વરૈયાએ કહ્યું કે, ‘ આ રાષ્ટ્રપતિ ભવનના નિયમ મુજબ કોઈ અતિથિ ત્રણ દિવસથી વધુ અહીં રોકાઈ શકતો નથી.મારે ત્રણ દિવસ

રજુઆત **શ્રી અર્જુન ગઢિયા** અમરેલી

પૂરા થઈ ગયા અને હવે હું નિયમ તોડવા માગતો નથી. આથી હું બીજે રોકાઈશ, આપને કામ હોય ત્યારે બોલાવશો એટલે હું આવી જઈશ. રાજેન્દ્રપ્રસાદ તેમના આચરણથી ખૂબ પ્રભાવિત થયા.**ચમક :** નિયમ પાલન કરવું એ આપણું નાગરિક તરીકે આપણું પ્રથમ કર્તવ્ય છે.

# ઈશ્વરીયા ખાતે પ્રાથમિક શાળામાં શાળા કક્ષાનુ તૃતીય બાળવિજ્ઞાન પ્રદર્શન યોજાયુ



પીએમ ‘‘મદદ’’ ઈરીયા પ્રાથમિક શાળામાં શાળા કક્ષાનું તૃતીય બાળ વિજ્ઞાન પ્રદર્શન જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને તથા પૂર્વ કેન્દ્રીય કેબિનેટ મંત્રી અને રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયું. કાર્યક્રમની શુભ શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ એસએમસી અધ્યક્ષ દિનેશભાઈ રૂપાલા દ્વારા પધારેલ મહેમાનોનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. પછી જિલ્લા કલેકટર અને સાસંદ રૂપાલા દ્વારા બાળ વિજ્ઞાન પ્રદર્શનને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. અને રસ પૂર્વક બાળકો દ્વારા બનાવેલી કૃતિઓ નિહાળી અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. વિજ્ઞાન પ્રદર્શનમાં ધોરણ ૨ થી ૮ના બાળકોએ ભાગ લીધેલો હતો અને કુલ ૫૯ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ભાગ લેનાર તમામ બાળકોને પ્રમાણપત્ર અને શીલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અને અંતે કાર્યક્રમની આભાર વિધિ શાળાના આચાર્ય પરેશભાઈ ગાંગડીયા દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સોલંકી, ટીપીઈઓ શ્રીમાળી, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, રસિકભાઈ મહેતા, સુરેશભારથી ગોસાઈ, તલાટી મંત્રી પાર્થિવભાઈ જોષી, ઈરીયા સેવા સહકારી મંડળીના પ્રમુખ ધીરૂભાઈ રૂપાલા, ગામના ઉપસરપંચ બાબુભાઈ વામજા, મોટા બાની વાડીના મંત્રી મગનભાઈ રૂપાલા, એસએમસી કમિટીના તમામ સભ્યો, ગ્રામજનો અને બહોળી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્સરને લગતા રોગોના નિષ્ણાંત અમરેલીમાં
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલમાં
તારીખ : ૦૧/૦૧/૨૦૨૬
સમય : સવારે ૧૧ : ૦૦ થી ૧ : ૦૦
દર મહિનાના પહેલા ગુરૂવારે
તપાસ ફી રૂા.૫૦૦/-
ડો.દેબાદીપ્તી પ્રધાન
કન્સલ્ટન્ટ રેડિએશન ઓન્કોલોજિસ્ટ
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
વધુ માહિતી અને નામ નોંધવા સંપર્ક કરો 9426956406

# આરામની મુંદ્રામાં સિંહણ જોવા મળી



ધારીનાં છતડીયા ગામ નજીક એક સિંહણ આરામ કરતી હોય તેવાં દ્રશ્ય કેમેરામાં કેદ થયા બાદ સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ થયો હતો.

### સમગ્ર પંથકમાં અરેરાટીનો માહોલ

# બગસરાનાં જુના ઝાંઝરીયા ગામે કૂવામાં ખાબકતાં ર યુવકોનાં મોત

**પરપ્રાંતિય યુવકોનાં મૃતદેહ પીએમ અર્થે ખસેડાયા**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૩૦

બગસરાનાં જુના ઝાંઝરીયા ગામે આજે બે યુવકોનાં કુવામાં પડી જવાથી મોત થતાં સમગ્ર પંથકમાં અરેરાટીનો મહોલ ઉભો થયો છે.

વિગત એજા પ્રકારની છે કે, બગસરા નજીક આવેલ ઝાંઝરીયા ગામે રાજસ્થાનનાં ર યુવકો ગૌતમભાઈ પણડા (ઉ.વ. ૨૮) અને રતના પણડા (ઉ.વ.૩૦) રે. બંને ખુંટાનગારાત કુવામાં ખાબકતાં અમરેલી ફાયર ટીમે બંને યુવકોનાં મૃતદેહ બહાર કાઢીને પોસ્ટ મોર્ટમ અર્થે બંને મૃતદેહોને સરકારી દવાખાને ખસેડેલ.

બંને યુવકો કયાં કારણોસર કુવામાં પડયા તેની વિગતો બહાર હજુ સુધી આવી નથી.

### તસ્કરો હવે પશુની ચોરી કરતા થયા

# બાબરા : વાંકીયા અને લાલકા ગામેથી કુલ 3 પશુની ચોરી કરવામાં આવી

**પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૩૦

બાબરા પંથકમાં અલગ અલગ બે બનાવમાં ખેડૂતની વાડી ખેતરે ખુલ્લામાં બાંધેલ દોઢ વર્ષની પાડી નંગ–૨ કિંમત રૂપિયા ૨૫,૦૦૦ની કોઈ અજાણ્યા ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રથમ બનાવમાં બાબરા તાલુકાનાં વાંકીયા ગામે રહેતા અને ખેતીકામ કરતાં રણછોડભાઈ લખમણભાઈ બેરાણી નામનાં ૪૯ વર્ષિય ખેડૂતની વાડી ખેતરે ખુલ્લામાં બાંધેલ દોઢ વર્ષની પાડી નંગ–૧ કિંમત રૂપિયા ૧૦,૦૦૦ની ગત તા. ૧૯નાં રોજ રાત્રે ૧ નાં સાવરે ૫ વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યા ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

જયારે બીજા બનાવમાં બાબરા તાલુકાના લાલકા ગામે રહેતા દલસુખભાઈ અરજણભાઈ ઓતરાદી નામના ખેડૂતની વાડી ખેતરે ખુલ્લામાં બાંધેલ બે વર્ષની પાડી નંગ–૧ જેની કિંમત રૂપિયા ૧૫,૦૦૦ની ગત તા. ૨૦નાં ૨ વાગ્યાનાં સમયગાળા દરમ્યાન કોઈ અજાણ્યા ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Franchise Development Manager - 1 (Experience : 1-2 Years)
- Sales & Marketing Officer - 2 (Experience : 1-2 Years)
- Night Billing Executive - 2 (Experience : 1-2 Years)
- Reporting Manager - 2 (Experience : 1-2 Years)
- Junior Accountant - 1 (Experience : 1-2 Years)
- Trainer - 1 (Experience : 1-2 Years)
Location : Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેશ પટેલ મો. ૯૯૦૯૯ ૪૭૨૯૫
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

# બસ સ્ટેન્ડ વિસ્તારમાં બઘડાટી બોલી બાબરામાં પેસેન્જર ભરવા બાબતે પેસેન્જર ગાડીનાં ચાલકો વચ્ચે માથાકૂટ

**પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૩૦

બાબરા ગામે પેસેન્જર ભરવાં બાબતે માથાકુટ થતાં સામસામી મારામારી થતાં પોલીસે બનાવ અંગે જીણવટભરી તપાસ હાથ ધરી છે.

આ બનાવમાં અમરેલીના ચિતલ ગામે રહેતાં આદીલખાન મહમદખાન પઠાણ નામનાં ૨૭ વર્ષીય ડ્રાઈવરના મીત્ર વિશાલભાઈ પોતાની મારૂતી ઈકો ફોરવ્હીલ ગાડીમાં ગત તા. ૨૯ના રોજ બપોરનાં ૨:૩૦ વાગ્યે પેસેન્જર ભરી અને અમરેલીથી રાજકોટ ભાડે ગયેલ હતા. ત્યારે બાબરા તાલુકાના ગળકોટડી ગામે રહેતાં આરોપી બહાદુરભાઈ પણ પેસેન્જર ગાડી ચલાવતા હોય તેથી તેમણે વિશાલભાઈને પેસેન્જર ભરવાની ના પાડી માથાકુટ કરેલ હતી. જેથી તેમણે આ આદીલખાનને ફોન કરી જાણ કરતા આદીલખાને તેમને કહેલ કે તું ગાડી ત્યાં રાખી દે હું રાજકોટ આવુ છું. બાદમાં આદીલખાન અમરેલીથી રાજકોટ જવા માટે નીકળેલ હતાં.

જયારે તેઓ બાબરા બસ સ્ટેશન પાસે પહોંચતાં આરોપી બહાદુરભાઈ ત્યાં ઉભેલા હોય જેથી તેની પાસે જઈ પેસેન્જર કેમ નથી ભરવા દેતા નથી તેમ વાત કરતા હોય. તે વખતે આરોપીએ બીજા આરોપી વિનુભાઈ મારૂને બોલાવતા તેમણે આદીલખાનનો શર્ટનો કોલર પકડી ગાળો બોલી, ઢીકાપાટુ વડે માર મારી મારમારી તથા ત્રીજા આરોપી મનિષભાઈને બોલાવતા તેમણે પણ ઢીકાપાટુથી માર મારી ઈજાઓ કરી આરોપીઓએ આદીલખાનના ગળામાં રહેલ આશરે ૧૦ ગ્રામનો સોનાનો ચેઈન કિંમત રૂપિયા ૫૦,૦૦૦ તથા હાથની આંગળીમાં પહેરેલ સોનાની

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,21,800/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૨ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

### થર્ટી ફર્સ્ટની ઉજવણીને લઈને પોલીસ એલર્ટ

# અમરેલીમાંથી વિદેશી દારૂની 34 બોટલ સાથે આરોપીની અટકાયત

**સાવરકુંડલા બાયપાસ નજીકથી દારૂની બોટલ ઝડપાઈ**

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં આગામી થર્ટી ફર્સ્ટની પાર્ટીઓની થતી ઉજવણી ઉપર અમરેલી જિલ્લા પોલીસ દ્વારા ખાસ વોચ રાખવામાં આવેલ છે. ત્યારે પોલીસને મળેલ બાતમીનાં આધારે દરોડો કરી વિદેશી દારૂની બોટલ નંગ–૩૪ સાથે એક ઈસમને

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખના તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૬
લવાજમની મુદ્દત તા.૦૧–૦૧–૨૦૨૬ થી તા.૩૧–૧૨–૨૦૨૬
સચોટ-સટીક સાતત્યસભર દૈનિક
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
એજન્ટ/પત્રકારની નિમણુંક કરવાની છે
અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક "અમરેલી એક્સપ્રેસ"નું નિયમિત ડોર ટુ ડોર વેચાણ કરાવી શકે, સ્થાનિક સમાચારો મોકલી શકે અને જાહેરખબરનું કલેક્શન કરી શકે તેવા વ્યકિતઓની રાજુલા, લીલપડી, સા.કુંડલા, દામનગર, વડિયા, ધારી, ખાંભા, નાગેશ્રી, ટીંબી, ડુંગર, ડેડાણ, લાઠી સહિતના ગામોમાં નિમણુંક કરવાની હોય, જે કોઈ વ્યકિત "અમરેલી એક્સપ્રેસ" સાથે જોડાવવા ઉત્સુક હોય તેઓએ નીચેના સ્થળે/સમયે રૂબરૂ અથવા મોબાઈલથી સંપર્ક કરવા જણાવવામાં આવે છે.
www.amreliexpress.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
e-mail : amreliexpress7@gmail.com

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)